

# અધ્યાત્મ

વર્ષ : ૧૯ મે–૧૯૯૮ અંક : ૮

## * ઉત્તમ વિચાર અને વ્યવહારવાળો દેશ જ સુખી બની શકે *

કોઈ દેશ આગળ વધ્યો છે કે કેમ કે તેણે સુધારાનું સર્વોદય શિખર સર કર્યું છે કે કેમ તે જોવા માટે તેમાં જીવતા માનવનું જીવન જોવું પડે છે. ઉત્તમ પ્રકારના માનવ જીવનવાળો દેશ કે સમાજ જ સર્વશ્રેષ્ઠ કહી શકાય. બીજી રીતે નાશ થાય ને કોઈ દેશ તેના પર પોતાની સુરક્ષા ને સુખાકારીનો સંપૂર્ણપણે આધાર ના રાખી શકે, પરંતુ ઉત્તમ પ્રકારના વિચાર ને વ્યવહારવાળો દેશ સદાને સારું સલામત રહે છે, તેનો સર્વનાશ કદી નથી થઈ શકતો. લશ્કરી બળ, બોમ્બ, વરસોની ગુલામી ને યંત્રણાથી પણ એનો આત્મા પરાજિત નથી બનતો ને મરી પણ નથી શકતો. રાષ્ટ્રની સાચી ને મુખ્ય શક્તિ તે જ છે. ને જેટલા પ્રમાણમાં તેમાં વધારે થાય તેટલા પ્રમાણમાં તેનું વર્તમાન ને ભાવિ ઉજ્જવળ બને એ વાત આપણે આગળ પર કરેલી વિચારણાપરથી સહેજે સમજી શકાશે.

ચિત્તવૃત્તિનો નિરોધ યોગ છે એમ કહીને મહર્ષિ પતંજલિએ કહ્યું કે એ નિરોધ કોઈ સામાન્ય નિરોધ નથી પણ તે દરમ્યાન મન કે આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે કે સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


શ્રી યોગેશ્વર કથામૃત — મા સર્વેશ્વરી 3
કૃપા પ્રસંગ–૧ — શ્રી કલ્યાણ ૧૦
શક્તિમીમાંસા — પરમાર્થી ૧૬
પૂ. શ્રીના પત્રોમાંથી આધ્યાત્મિકતાનું અમૃત–૧ — બી. જે. જાગાણી ૨૪
તોતારામજીને — ડો. રણજિત પટેલ (અનામી) 30
દેવ પણ ભૂખ્યા જ્યાં નૈવેણ ખુદ માગે — વિઠ્ઠલભાઇ પી. મકવાણા (રસાબ્ધિ) 3૧
મહાશૂન્યની સાધના — લાભુભાઇ દવે 3૨
મીરાંબાઇનું જીવનવૃત્તાંત — ઝિંઝુવાડિયા કનૈયાલાલ 3૬
૧૮ માર્ચ–પૂ. શ્રીનો લીલાસંવરણદિન — સુરેશભાઇ શાહ, કેનેડા ૪૧
યોગસાધનાના પાયા — પ્રો. ડો. હરીશ વ્યાસ ૪૪
અડિયાર નદીના યોગીનો મેળાપ — યોગેશ્વર ૫૧
રામરટણ રસિયા મસ્તરામજી — એક સેવક ૫૭
રામકથા — યોગેશ્વર ૬3





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ મે–૧૯૯૮ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨–૬–૮૧, મંગળવાર, વૈશાખ વદ અમાસ, ૨૦૩૭**
**સ્થળ : ૨ નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.**

સવારે પૂ. શ્રી પોતાના પલંગ ઉપરથી ઊઠી જઇ પ્રથમ બ્રશ લઇ મોં સાફ કરી નાંખે છે. ત્યાર બાદ નિત્યકર્મથી મુક્ત થઇ વ્યાયામ, દૂધ ને લેખનકાર્ય શરૂ કરે છે. ૧૧ વાગ્યા સુધી લેખન-કાર્ય ચાલુ જ રહે છે.

૧૧ થી ૧૧:૧૫ આરામ કરી ૧૧:30 સુધીમાં તૈયાર થઇ જાય છે. સાડા અગિયારે પૂ. શ્રી ભોજન લઇ લે છે. બાર વાગે મુલાકાતીઓ આવી જાય છે.

આજે મોરબીથી શ્રી કલ્યાણ આબુ જવા અહીં આવે છે. વળી સુરેન્દ્રનગરથી શ્રી ભૂપતભાઇ તથા શ્રી વસંતભાઇ પણ

અહીં આવે છે. શ્રી બાબુભાઇ વોરા આબુ માટે સગવડ કરવા એ બંનેને લાવે છે.

પૂ. શ્રીનો પ્રવાસ કોઇ રાજદ્વારી ઠાઠવાળો કે બાદશાહી દમામવાળો નથી, છતાં બાબુભાઇ પોતે પણ ત્યાં આવવા માંગે છે. એટલે કોઇ આશ્રમસંસ્થામાં મોંઘવારીમાં થોડી રાહત રહે એ દૃષ્ટિએ એ બધી દોડધામ કરે છે.

પૂ. શ્રીની વિચારધારા જુદી જ છે. બહારગામ જવા નીકળીએ એટલે સગવડ માટે પૈસા તરફ ન જોવું. મોંઘુ હોય છતાં સગવડ સારી હોય, તો પૈસા ખર્ચી નાંખવા એમ પૂ. શ્રી માને છે.

જ્યારે બાબુભાઇ વોરા પોતાની રીતે પ્રયત્ન કરે છે. તો પૂ. શ્રી કહેવા જેવા ઘણાં સૂચનો કહે છે. પણ શ્રી બાબુભાઇના માનસમાં એ સૂચનો ઝટ ઉતરતાં નથી.

આબુ ને અંબાજીની વાતો ચાલે છે. વળી આજે સંજય પ્રિન્ટરીવાળા શ્રી ગોવિંદભાઇ આવે છે. તેમની ભાવના તો જુઓ.

તેઓએ બે દિવસ પર ઓટોમેટીક પરદેશી મશીન પ્રેસમાં ગોઠવ્યું છે. એ નવા મશીન પર પૂ. શ્રીનું પુસ્તક શુકનમાં છપાય એવું વિચારે છે. જેથી પૂ. શ્રી પાસે એક પુસ્તક માગે છે.

પૂ. શ્રી "કળીમાંથી ફૂલ" પુસ્તક છાપકામ માટે આપે છે. જેમાં દક્ષિણ, ઉત્તર, પૂર્વની યાત્રાની વાતો પણ આવે છે.

સમય વીતતાં સૌ વિદાય થાય છે. ફરી પૂ. શ્રી ૩ વાગ્યા સુધી લેખનકાર્ય કરી થોડી નજર 'ગુજરાત સમાચાર' પર નાંખી લે છે. ત્યાર બાદ આરામ કરે છે. વળી થોડી જ વારમાં કલમ હાથમાં લે છે. ફરી લગભગ એક કલાક લેખનકાર્ય ચાલે છે.



સમય થતાં દ્વાર ખૂલે છે. શરૂઆતમાં બે ભાઇબેન આવે છે. ધીરે ધીરે ઓરડો આખોયે ભરાય જાય છે.

પ્રશ્નોત્તરી શરૂ થઇ.

**પ્રશ્ન :** ૧૦૮, ૧૦૦૮ કે પરમહંસ શા માટે સાધુઓ આગળ લગાડે છે?

**પૂ. શ્રી :** પરંપરાથી ચાલ્યું આવે છે. ૧૦૮ શુભ આંકડો છે ને માળામાં પણ ૧૦૮ મણકા છે. ઘણે ભાગે ૧૦૮ સંન્યાસ લીધા પહેલાં ને ૧૦૦૮ સંન્યાસ લીધા પછી લગાડાય છે.

પરમહંસ પાછળ એવું કહેવાય છે કે માનસરોવરના હંસો નીરક્ષીરવિવેક કરી શકે છે. એ રીતે સંસારમાં રહીને જે સત્ય ને અસત્યનો, આત્મા અનાત્માનો, પ્રકૃતિપુરુષ, બંધનમુક્તિ કલ્યાણ અકલ્યાણનો વિચાર કરી સત્યનીતિ, કલ્યાણને માર્ગે જ ચાલે તે બધા પરમહંસ કહેવાય.

સારા સંતો આગળ આ પરમહંસ શબ્દ લગાડાય છે.

**પ્રશ્ન :** ભગવાન અને એના અવતારમાં શો ફેર?

**પૂ. શ્રી :** શેરડીનો રસ શેરડીમાંથી જ આવેને! પણ શેરડીને જુઓ તેથી કાંઇ રસનો સ્વાદ માણી ન શકાય. શેરડીના કાઢેલા રસમાં જે આનંદ તે આનંદ શેરડીને જોવામાં નથી.

તેમ પ્રભુ નિર્ગુણ નિરાકાર છે. પણ તેને જોવામાં જે આનંદ નથી તે પ્રભુ સાકારરૂપે આવે તેમાં છે. અવતારો એ ભગવાનના જ છે. ભગવાન મૂળ રીતે નિર્ગુણ નામ ગુણરૂપ વિનાના, પણ તે સગુણ સાકાર બને ત્યારે તેને આપણે સાંભળી, જોઇ શકીએ.

અવતારનો સંપર્ક સરળતાથી થઇ શકે, જ્યારે નિર્ગુણ નિરાકાર ભગવાનને જલ્દી મેળવી શકાતા નથી.

તમને ધારો કે ખબર પડી કે અવતાર મુંબઈમાં આવ્યા છે. તો તમારે તો ટિકિટ લઈને મુંબઈ જવાનું જ રહે ને એટલે તમે ધારો તો સરળતાથી અવતારનો સંપર્ક કરી શકો.

ત્યાર બાદ પ્રશ્નો બીજા પૂછાયા. જેમાંથી બાબા નિમકરોલી, સોમવારી બાબા, હડીયા બાબા, નારાયણ સ્વામી વિગેરેની વાતો પૂ. શ્રી કરે છે, અંતે એક ભજન ગવડાવે છે.

સમય થતાં સૌ વિદાય લે છે. પૂ. શ્રી ફરી એકવાર શ્રી નંદુભાઈની દીકરી મીનાબેનને આબુ આવવું હોય તો ચાલો એમ જણાવે છે.

પૂ. શ્રી રાતે ખીચડી ને દૂધનું ભોજન લઈ લેખનકાર્ય કરે છે. ત્યાર બાદ આરામ કરે છે.

**તા. ૩–૬–૮૧, બુધવાર, જેઠ સુદ પડવો, ૨૦૩૭**

**સ્થળ : જેઠાલાલ ત્રિવેદીનો બંગલો, અંબાજી.**

આજે આબુ જવા નીકળવાનું હોવાથી પૂ. શ્રી ચાર વાગ્યે ઊઠીને સ્નાન વ્યાયામનું કાર્ય પૂર્ણ કરે છે. પાંચ વાગ્યે તૈયાર થઈને પોતાના ઓરડામાં પલંગ પર બેઠા છે.

**સર્વેશ્વરી :** સામાન નીચે ઉતારીએ.

**પૂ. શ્રી :** હા, હું જરા જગદંબાની રજા લઈને આવું છું. રસ્તામાં કેવું રહેશે તે જરા જાણી લઉં. તમે નીચે જાઓ.

સર્વેશ્વરી સામાન લઈ નીચે ઉતરે છે. તેથી યજમાન પરિવારનાં પતિ–પત્ની, બાળકો સૌ નીચે આવે છે. યજમાન પરિવારનાં મોટાં પુત્રી મીનાબેન પણ આબુ આવવા તૈયાર થયાં છે. નીચે બંગલાની બહાર કમ્પાઉંડમાં ખુરસી પર દસ મિનિટ સર્વેશ્વરી બેસે છે. ત્યાં પૂ. શ્રી નીચે આવી જાય છે.



આજે અમદાવાદથી અંબાજી જતી લક્ઝરી બસમાં જવા માટે સવારે રીક્ષામાં બેસીને બસસ્ટેન્ડ પર આવવાનું બને છે. સમયસર બસ મૂકાય છે. બસમાં શ્રી બાબુભાઈ વોરા, મધુબેન વોરા, ગોરધનદાસ કલોલા, મીનાબેન ચાવાળા તથા પૂ. શ્રી અને સર્વેશ્વરી નંબર પ્રમાણે સીટ ઉપર બેસે છે.

બસ ચાલુ થાય છે. પૂ. શ્રી પોતાની માળા સર્વેશ્વરી પાસે માંગી લે છે. જેથી પૂ. શ્રી જપ કરવા શરૂ કરે છે. સર્વેશ્વરી પણ પોતાના જપ શરૂ કરે છે. વળી મીના પણ જપ કરવાની પ્રવૃત્તિ શરૂ કરે છે.

ખેડબ્રહ્મા નામના માર્ગના બસસ્ટેન્ડ પર પૂ. શ્રી સાથે સૌ આઈસક્રીમ લે છે. બસ સમયસર હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા થઈ અંબાજી આવી જાય છે.

સુરેન્દ્રનગરના સેવાભાવી બે ભાઈઓ શ્રી વસંતભાઈ તથા શ્રી ભૂપતભાઈ ગઈકાલથી અંબાજી આવી ગયા હતા. જેથી અંબાજી જ્યારે લક્ઝરી બસ આવીને ઊભી રહી. ત્યારે ત્યાં ઉપરના બંને ભાઈઓ પૂ. શ્રીને લેવા માટે ગાડી લઈને આવી ગયા હતા.

શ્રી જેઠાલાલ ત્રિવેદી–આરસના પથ્થરની ફેક્ટરીના માલિકની ગાડી પૂ. શ્રીની સેવામાં હાજર થઈ હતી. અંબાજીના આ નવા યજમાન અમારા અપરિચિત શ્રી વસંતભાઈ અને શ્રી ભૂપતભાઈએ આ ઉતારાની ગોઠવણ કરી હતી. શ્રી જેઠાલાલ ત્રિવેદીનો શાંત સ્થળમાં બંગલો છે. ઉપર સ્વતંત્ર જાજરૂ–બાથ- રૂમવાળો રૂમ પૂ. શ્રીને માટે મળી ગયો જેથી કોઈ ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ઉતારો શોધવાની જરૂર પૂ. શ્રી માટે ન રહી. પૂ. શ્રી સાથેના ચાર ભાઈઓ "રેવા પ્રભુ"નામની ધર્મશાળાના ઉતારામાં ગોઠવાયા.

અંબાજીના અપરિચિત યજમાન પરિવારે પૂ. શ્રી અને સર્વેશ્વરી અહીં જ ભોજન કરે એવો આગ્રહ રાખ્યો, જેથી પૂ. શ્રી અને સર્વેશ્વરીએ અહીં ભોજન લીધું, જ્યારે સાથેના ચાર ભાઈ-બેનોએ અંબાજીના મંદિરના રસોડાનો લાભ લીધો.

ભોજન બાદ પૂ. શ્રી એક કલાક બેઠા જેમાં વિવિધ વાતો થઈ. પૂ. શ્રીની ઇન્ડીપેન અમદાવાદ રહી ગઇ હતી. જેથી પૂ. શ્રી માટે શ્રી કલ્યાણ પાસે એક પેન મંગાવી.

તે પેનની ત્રણ સ્ટીલ હતી. દરેક સ્ટીલથી પૂ. શ્રીએ લખાણ કર્યું ને બરાબર જે હતી તે સ્ટીલ રખાવી પેન પોતે રાખી.

પેનથી લખવા માટે જે ડાયરી આપી તેમાં જે સ્ટીલ સારી ન હતી તેનાથી પૂ. શ્રી માટે પરમશક્તિએ લખ્યું બરાબર નથી 'આ પહેલી વધારે સારી' અંતે વળી મોટા અક્ષરોમાં લખાયું 'રાખો બરાબર છે. આ.'

એ વાક્ય પૂ. શ્રીએ સર્વેશ્વરીને ડાયરી આપી ત્યારે વંચાવ્યું. પૂ. શ્રીનું એ વાક્ય સૌને વાંચી સંભળાવ્યું. મહાત્માજી તો પેન માટે પણ પૂછે છે. એમ સર્વેશ્વરીએ કહ્યું. તો પૂ. શ્રી કહે, 'હા, ભાઇ, હું તો જાજરૂ જવું હોય તોપણ પૂછું. જુઓને થોડા દિવસ પર એક માણસ સંડાસમાં સાપ કરડવાથી ત્યાં જ મૃત્યુ પામ્યો.'

અને મુસાફરી કરવાની હોય ત્યારે પણ પૂછું.

આજે પણ મા સર્વેશ્વરી સવારે સામાન લઇને નીચે ઉતર્યાં ત્યારે મેં કહ્યું કે હું જરા પછી આવું છું. જરા 'જગદંબા'ની રજા લઇ લઉં. તો કહ્યું કે સારું રહેશે. ત્યાં વળી બાબુભાઇ પૂછવા લાગ્યા.

આબુમાં કેવું રહેશે તે પૂછ્યું કે નહીં?

**પૂ. શ્રી :** ના, તે પૂછ્યું નથી પણ સારું જ રહેશે. આપણે



ક્યાં એકલા રહેવાનું છે. એની ઇચ્છાથી આવ્યા છીએ એટલે તે જ વ્યવસ્થા પણ કરે ને!

વળી ઓચિંતા થતા મૃત્યુની વાત, અંબાજી ગામની વાત, શ્રી પુષ્પાનંદ મહારાજની વાત ચાલી રહી છે.

પૂ. શ્રીએ કહ્યું. નારણભાઇ જાનીના મોટાભાઇનો દીકરો પુષ્પાનંદ મહારાજનું જ કામ કરે.

સંતો પ્રત્યે પ્રેમ થવો એમાં પણ સંસ્કાર જોઇએ. જીવનનું કોઇ પુણ્ય હોય તો તેને સંત પ્રત્યે ખેંચાણ થાય છે.

વળી થોડી બીજી વાતો પણ થઇ જેમાં પૂ. શ્રીએ કહ્યું :–

થવાકાળ હોય ત્યારે તેને બુદ્ધિ એવી જ સૂઝે. તેને એમ જ લાગે કે હું સારું જ કામ કરી રહ્યું છે.

પરીક્ષિત ખૂબ ડાહ્યો, તે ભૂલ કરે ખરો? છતાં મરેલો સાપ ઋષિના ગળામાં નાંખ્યો તો તે શાપને પામ્યો. એ નિમિત્તે તેને જવાનું હશે જેથી એવી જ બુદ્ધિ સૂઝે.

યુધિષ્ઠિર કાંઇ ઓછા ડાહ્યા પુરુષ ગણાય છતાં તેઓ જૂગટુ રમવા બેઠા.

કુદરત આગળ કોઇ ડાહ્યું નથી.

ઘડીયાળમાં પોણા બે વાગ્યા હતા. જેથી પૂ. શ્રીએ સૌને કહ્યું હવે કરો વિશ્રામ.

જેથી સૌ વિદાય થયા. પૂ. શ્રીએ થોડો આરામ કરી લગભગ પોણા બે કલાક લેખન કર્યું.

ત્યાર બાદ સ્નાન કરી પૂ. શ્રીએ કહ્યું થોડું ધ્યાનમાં બેસીએ. અંબાજીનું પવિત્ર સ્થળ છે. એટલે સર્વેશ્વરી પણ ત્રણેક પ્રાર્થના કરીને ઊઠી જાય છે. (ક્રમશઃ)

# કૃપા પ્રસંગ–૧

રજૂઆત : શ્રી કલ્યાણ

જીવનમાં શ્રી ગુરુદેવપ્રભુની છત્રછાયા સાંપડવી તે અનંત જન્મોના પુણ્યવિના સંભવિત નથી, સિવાય કે તેમની અપાર કરુણા થકી કોઇ ધન્યક્ષણે તેમની કૃપાદૃષ્ટિ પામવાનો યોગ તેમની જ કૃપાથી સુલભ થયો હોય! સમર્થ સદ્‌ગુરુના શ્રી ચરણોમાં જીવન સમર્પિત કરીને નિશ્ચિત જીવનનો આનંદ માણવો તે અવસર ખરેખર પરમ લ્હાવો છે.

એક વખત શ્રી પરમ સદ્‌ગુરુદેવના શ્રી ચરણે જીવન સમર્પિત થઇ જાય, પછી એ સમર્પિત જીવનમાં ઘટતી ઘટનાઓમાં પ્રતિબિંબિત થતા પ્રસંગોમાં, સર્જાતી પરિસ્થિતિઓમાં એ જીવનું આત્મકલ્યાણ નિશ્ચિત હોય છે. પછી ભલે આપણી સમગ્ર ભૌતિક સંપત્તિ લૂંટાઇ જતી હોય, કે પછી કોઇ કુદરતી આફતમાં સર્વનાશ થઇ જતો હોય! જીવલેણ રોગમાં સપડાઇને મૃત્યુના આરે ઊભા હોઇએ કે કોઇ પ્રારબ્ધયોગે જીંદગી વેરવિખેર થઇ ગઇ હોય! સ્વર્ગસુખમાં મ્હાલતા હોઇએ કે અભાવોથી પિડાઇને કારમી ભીંસમાં ભીંસાતા હોઇએ, પરંતુ સમર્પિત જીવનમાં વેઠવી પડતી વેદનાઓ અને પ્રગટતી ખુશાલીઓમાં આત્મકલ્યાણ નિશ્ચિત, નિશ્ચિત અને નિશ્ચિત જ હોય છે. એમાં શંકાને જરા જેટલું પણ સ્થાન હોતું નથી. વેદના પણ કલ્યાણકારક અને સુખની સંવેદનાઓ પણ કલ્યાણકારક જ હોય છે. શરત એક જ કે અખંડ શ્રદ્ધાપૂર્વક ચિત્ત સદાયે શ્રી ગુરુદેવપ્રભુના ચારુ ચરણોમાં ચોંટેલું રહેવું



જોઇએ. ઊંચા નીચે ફર્યા કરતી જીવનની ઘટમાળમાં આવતી ભરતીઓટના સંજોગોમાં એક ક્ષણ પણ અખંડ શ્રદ્ધા ખંડિત ન થવી જોઇએ. વેદનાની તીવ્રતા પણ તીવ્રતમ સ્મરણમાં ડૂબાડે છે અને સુખનો પ્રસાદ પણ પરમ સ્મરણનો અલૌકિક સ્વાદનો લ્હાવો લૂંટાવે છે! સંજોગોની કોઇ ફરિયાદ અંતરમાંથી ન ઊઠે ત્યારે જ સદ્‌ગુરુદેવના અંતરમાં નિરંતર વિહરતી પ્રેમની વાદળીઓમાંથી કૃપાવર્ષાના દિવ્યસ્નાનમાં ભીંજાવાનો અલૌકિક લ્હાવો માણી શકાય છે.

દ્રૌપદી, ગજરાજ અને માતાકુંતા, દુખના દાવાનળમાંથી ઊઠતા પ્રચંડ પ્રેમપોકારોથી પ્રભુને પામી ગયા. જ્યારે જનકાદિક રાજર્ષિઓ રાજવૈભવની વિપુલતા વચ્ચે પણ આત્મવૈભવને પામી ગયા! નિર્ધનતાની વિપુલતા વચ્ચે પ્રકટીને ગુરુદેવપ્રભુ શ્રી યોગેશ્વરજીએ સંજોગોની કોઇ ફરિયાદ કર્યા વગર પ્રકાશના પંથે ચાલીને પ્રકાશ સ્વરૂપ પરમાત્માને પામી ગયા, તો ધનની વિપુલતા વચ્ચે પણ ગમાઅણગમાઓથી અળગા રહીને મોહિની સ્વરૂપની મોહકતા વચ્ચે પણ શ્રી શ્રી મા સર્વેશ્વરીએ મનમોહનને મેળવી લીધા!

શ્રી સદ્‌ગુરુને સમર્પિત જીવનના દરેક વ્યવહારો તેઓ સંભાળતા હોય છે. શ્રી સદ્‌ગુરુના વિશ્વાસે જીવાતા જીવનમાં કૃપાવર્ષાની ભીનાશ સહજ અનુભવાતી રહે છે. નાનામોટા દરેક પ્રસંગોમાં કૃપાયાચના શિષ્ય માટે સહજ બની જતી હોય છે. અહીં એવા કૃપાપ્રસંગોનું રસપાન કરીશું.

મોરબીના શ્રી બાબમુકુંદભાઇ શ્રોફ પૂ. મા અને સદ્‌ગુરુદેવ શ્રી યોગેશ્વરપ્રભુમાં વર્ષોથી શ્રદ્ધાભક્તિ ધરાવતા આવ્યા છે. તેમણે માણેલા કૃપાપ્રસંગો માણીએ.

(૧)

તા. ૯–૮–૭૮ ના ધન્ય દિવસે અમે મોરબીથી અમરનાથની યાત્રાએ નીકળ્યા. રવાના થતાં પહેલાં શ્રી ગુરુદેવપ્રભુને અંતરથી પ્રાર્થના કરી, "હે ગુરુદેવ પરમાત્મા! આપની પરમકૃપા–આશીર્વાદથી અમે અમરનાથની યાત્રાએ જઈએ છીએ, તો આપ અમારી સર્વપ્રકારે રક્ષા કરજો, સંભાળજો."

તે દિવસોમાં શ્રી ગુરુદેવપ્રભુ ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર માટે વિદેશમાં વિચરણ કરતા હતા. પરંતુ અમે ખરા અંતઃકરણપૂર્વક શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને કરેલી પ્રાર્થના શ્રી ગુરુદેવપ્રભુએ વિદેશની વાટે વિચરણ કરતાં કરતાં પણ વિના વિલંબે સાંભળી!

મોરબી ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રી હરિભાઈની સુપુત્રી શ્રી મીનાબેનને ધ્યાનમાં પૂ. શ્રીએ દર્શન આપીને કહ્યું, "બાલમુકુંદભાઈની અમરનાથયાત્રા સુખરૂપ થશે, તેમને પ્રસાદીમાં ગુલાબની પાંદડીઓ આપજો."

અમે તો યાત્રાએ જવા સ્ટેશનપર પહોંચી ગયા હતા, ત્યાં છેલ્લી ઘડીએ દોડતા આવીને શ્રી મીનાબેને અમને શ્રી ગુરુદેવપ્રભુનો આશીર્વાદ સંદેશ અને ગુલાબની પાંખડીઓનો પ્રસાદ પહોંચાડીને અમને જાણે સાવ ચિંતામુક્ત કરી દીધા! અમરનાથયાત્રાની ભયંકરતા અમે જાણતા હતા, તેથી ચિંતિત હતા. પરંતુ પૂ. શ્રીના આશીર્વાદ અને પ્રસાદથી નિશ્ચિંત બની ગયા.

હવે અમે ફક્ત એકલા જ યાત્રામાં ન હતા. પૂ. શ્રી પણ અમારી સાથે જ હતા. કોઈ પણ જાતનો યાત્રાનો ત્રાસ વેઠયા સિવાય, હવામાનની સાનુકૂળતા વચ્ચે અમે કાશ્મીરથી પહેલગાંવ, ચંદનવાડી, શેષનાગ અને પંચતરણી થઈને તા. ૧૮–૮–૭૮ ના શ્રાવણી બળેવના દિવસે બરફ સ્વરૂપે સ્વયં પ્રકટ થતા શિવલીંગ સ્વરૂપે ભગવાન શ્રી અમરનાથના દર્શન કર્યાં! આનંદવિભોર થઈ દર્શન કરતાં પૂ. શ્રીનું પરમસ્મરણ થયું. જાણે ગુરુદેવપ્રભુ જ શિવસ્વરૂપે દર્શન આપીને કૃપાવર્ષા વરસાવતા હતા!



લાંબા સમયની અમરનાથ દર્શનની ઈચ્છા ગુરુદેવપ્રભુની કૃપાથી નિર્વિઘ્ને પૂરી થતાં પરમસંતોષ થયો. અમરનાથ ભગવાનના દર્શન અને ગુરુદેવપ્રભુની કૃપાનો આનંદ માણતાં માણતાં ઘણી જ કઠિન યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરીને મોરબી પહોંચી ગયા! વિદેશમાં વિચરતા હોવા છતાં અમારી પ્રાર્થના અદ્‌ભુત રીતે સાંભળી વિઘ્નહર્તા શ્રી પ્રભુએ યાત્રાના અનેક વિઘ્નો વચ્ચે પણ સંભાળીને સુખરૂપ યાત્રા પૂર્ણ કરાવી!

(૨)

તા. ૧૧–૮–૭૯ ને શ્રાવણ વદ ચોથના દિવસે મોરબીમાં ભારે વરસાદને લીધે મચ્છુડેમ તૂટયો, તેથી ભયંકર જળહોનારત થઈ! જાનમાલની ભારે ખુવારી થઈ!

અમારા મકાનમાં પણ પાંચ ફૂટ પાણી ઘૂસી ગયા! અચાનક જ મોત નજરની સામે આવીને ઊભુ રહ્યું! જીવ બચાવવા ખૂબ ફાંફા મારી જોયાં પણ વ્યર્થ! અંતે મૃત્યુના ભયમાંથી ઉગરવા આર્તહૃદયે શ્રી ગુરુદેવપ્રભુને પ્રાર્થના થઈ ગઈ! "હે પ્રભુ! બચાવજો, એક માત્ર તમારો જ આધાર છે." અંતરમાંથી પોકાર ઊઠતાં જ શ્રી ગુરુગોવિંદ ગરુડે ચડીને વ્હારે દોડી આવ્યા! પ્રાર્થના થતાં જ શ્રી ગુરુદેવપ્રભુએ મારાં ધર્મપત્ની શ્રી અનસૂયાબેનને દર્શન આપ્યાં. દર્શન થતાં જ ખાતરી થઈ ગઈ કે શ્રી ગુરુદેવપ્રભુ અમારી સાથે જ છે. જરૂર રક્ષા કરશે જ!

એક ઘડીનાય વિલંબવિના તુરત જ અમારી બાજુમાં રહેતા બે ભાઇઓ પોતાના મકાનની અગાશીમાંથી આવીને ફળિયાની કંપાઉન્ડવોલ પર ઊભા રહીને અમને બંનેને પાંચ ફૂટ ઊંડા પાણીમાંથી, મોતના મુખમાંથી ખેંચીને ઉગારી લીધાં!

અંતર આભારવશ થઇને શ્રી ગુરુદેવપ્રભુના શ્રી ચરણોમાં ઢળી પડયું. આંખોમાંથી પ્રેમાશ્રુઓની ધારાઓ ચાલવા લાગી! એ બે ભાઇઓના રૂપમાં ગુરુદેવપ્રભુએ સાક્ષાત્ પધારીને અમને બચાવી લીધા. જો એક જ ભાઇ હોત તો અમને કેવી રીતે પૂરી તાકાતથી પાણીમાંથી ખેંચી શકત? પરંતુ પ્રભુ બે ભાઇઓનું રૂપ ધરીને આવ્યા અને તે પણ સમયસર જ! જો થોડા પણ મોડા થયા હોત તો મૃત્યુ પણ હાથ પકડવા ઊભું જ હતું! મૃત્યુનો હાથ તૂરત જ હડસેલીને પ્રભુએ અમારો હાથ પકડી લીધો અને મૃત્યુના મુખમાંથી ઉગારી નવું જીવન આપ્યું.

અમને બચાવ્યા પરંતુ સાથે સાથે અમારા ઘરની દરેક ચીજવસ્તુઓ, પૂજાસ્થાન તથા કીંમતી પુસ્તકો પણ એવાં જ અકબંધ રાખ્યાં.

સમર્થ સદ્ગુરુનો આશ્રય અને આર્તહૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતાં નથી. તનમનઅંતરની હમેશાં રક્ષા કરે જ છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી!

(૩)

તા. ૮–૫–૮૩ થી તા. ૧૪–૫–૮૩ સુધી સુરતની એમ. ટી. બી. આર્ટસ કોલેજમાં શ્રી ગુરુદેવપ્રભુના સાન્નિધ્યમાં ધ્યાનસાધના શિબિર યોજાઇ હતી તેમાં ભાગ લેવા હું મોરબીથી ગયો હતો.

બસમાંથી ઉતરી પૂ. શ્રીના દર્શન કરવા ગયો ત્યારે ખબર પડી કે મારો પોર્ટફોલિયા બસમાં જ ભૂલાઇ ગયો છે. પૂ. શ્રીને પ્રણામ કરી કહ્યું કે બસમાં મારો પોર્ટફોલિયો ભૂલાઇ ગયો છે તે



પાછો મળી જાય તે માટે કૃપા કરો. કારણ કે તેમાં પૂ. મા અને પ્રભુના કૃપા–આશીર્વાદનાં પ્રસંગોની ડાયરી અને પૂ. મા તથા શ્રી પ્રભુના સ્વરૂપોનું આલ્બમ છે!

પૂ. શ્રીએ ખૂબ જ શાંતિથી કહ્યું, "પોર્ટફોલિયો લેવા જવું છે? ઠીક. જાઓ લઇ આવો."

પોર્ટફોલિયો સુરતની સીટીબસમાં ભૂલાઇ ગયો હતો. અમે ઉતર્યા પછી તો બસ ડુમસના રૂટપર નિયમિત ચાલતી રહી. બે વખત રૂટપર આવજા કર્યા પછી જ્યારે ચાર વાગ્યે સ્ટેન્ડ પર આવી તો તુરત જ બસમાં ચડીને જોયું તો પોર્ટફોલિયો જ્યાં રાખ્યો હતો તે જ જગ્યાએ હતો. પૂ. શ્રીનું સ્મરણ કરીને તુરત જ લઇ લીધો! જાણે કિંમતી ખજાનો પાછો મળી ગયો હોય તેમ છાતીએ વળગાડી દીધો!

પૂ. શ્રીએ કહ્યું હતું, "પોર્ટફોલિયો લેવા જવું છે? લઇ આવો!" આ કોઇ સાધારણ શબ્દો ન હતા! શ્રીમુખમાંથી સરેલા શબ્દો હમેશાં સત્ય જ ઠરતા હોય છે. શીલાલેખની જેમ વજ્રલેપ બની જતા હોય છે. જે હેતુ માટે બોલાયેલા હોય તે હેતુ પાર પડીને જ રહેતો હોય છે. એટલે અહીં શ્રીપ્રભુએ કહ્યું, "પોર્ટફોલિયો લઇ આવો" તેથી તે શબ્દોએ પોર્ટફોલિયાનું રક્ષણ કર્યું. બસ બેત્રણ વખત રૂટપર ફરીને આવી છતાં પોર્ટફોલિયો ત્યાં જ રહ્યો ત્યાંસુધી કે કંડક્ટરનું ધ્યાન પણ વારંવાર બસ ખાલી થયા છતાં ન ગયું! તે કેવું કહેવાય?

શ્રી સદ્ગુરુદેવના આશ્રયનો મહિમા ખરેખર અપરંપાર છે. પોર્ટફોલિયાની જેમ જીવની રક્ષા કરીને તેને આત્મકલ્યાણના લક્ષ્યસ્થાને પહોંચાડી દેતા હોય છે!

'શ્રી ગુરુદેવનો મહિમા અપરંપાર, જેનો ગાતા ના આવે પાર.'

# શક્તિમીમાંસા

**પરમાર્થી**

શક્તિવિના કોને ચાલ્યું છે? પ્રત્યેક જીવ શક્તિથી સંપન્ન થયાવિના સારી રીતે જીવન જીવી શકતો નથી તે કોણ નથી જાણતું? ગરીબ હોય કે માણસ તવંગર હોય, માણસ નાનો હોય કે મોટો હોય, ભારતનો હોય કે અમેરિકાનો હોય, અરે! ગમે તે દેશનો હોય, શક્તિવિના એક ક્ષણ પણ શ્વાસ લઇ શકે નહિ. શ્વાસપ્રશ્વાસમાં પણ શક્તિની તો અનિવાર્યપણે આવશ્યકતા રહે જ છે. તેથી ભગવાન શંકરાચાર્યે સૌંદર્યલહરીના પ્રથમ શ્લોકમાં જ શક્તિનો મહિમા દર્શાવતાં ગાયું છે કે–

> शिवः शक्तायुक्तो यदि भवति शक्तः प्रभवितुम्।
> न चे देवं देवो न खलु कुशलः स्पन्दितुमपि ॥

અર્થાત્ શક્તિથી સંપન્ન થયાવિના ભગવાન શિવ પણ સૃષ્ટિની રચના ન કરી શકે. કારણ કે શક્તિ વગર તો શિવ પણ હાલી શકવાને સમર્થ નથી! આ રીતે ભગવાન શંકરાચાર્યે શક્તિનો મહિમા પોતાના અનુભવને આધારે ગાયો છે. શક્તિ વિના કોઇ પણ પ્રવૃત્તિ શક્ય નથી. એવો તેમનો નિજી અનુભવ હતો. શાસ્ત્રાર્થમાં દિગ્વિજય કરતા કરતા તેઓ ઉત્તરના શક્તિપૂજકોને પરાસ્ત કરવા કાશ્મીર ગયેલા, ત્યારે તેઓ અચાનક બિમાર પડી ગયેલા. ઝાડા છૂટી ગયેલા અને તાવમાં પટકાઇ પડેલા. તેઓ પોતે ઊઠી પણ શકતા નથી. ત્યારે એક બાળકી તેમની પાસે આવે છે અને માંગણી કરે છે કે મારે ભગવાન વિષે જાણવું છે તો કાંઇક સમજ પાડો. ત્યારે તેમણે પોતાની અશક્તિ દર્શાવી. "આજે તો હું ઊઠી પણ શકતો નથી માટે તું કાલે આવજે. આજે તો મારામાં કાંઇ જ શક્તિ રહી નથી." એવું કહ્યું ત્યારે તે બાળકીએ તરત જ ટોણો માર્યો કે તમે તો શક્તિમાં માનતા નથી. તમને પણ શક્તિની જરૂર પડે? શક્તિવિના શું શાસ્ત્રાર્થ ન થઇ શકે?" ભગવાન શંકરાચાર્યના મનમાં ઝબકારો થયો. બાળકીમાં રહેલી દિવ્યતાનો ખ્યાલ આવ્યો. બાળકીએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. સર્વને પરાસ્ત કરવા નીકળેલા શંકરાચાર્ય એક નાની બાળા આગળ મનોમન હારી ગયા. આ પ્રકારે અનુભૂતિ થઇ હોવાથી ત્યાર પછી શક્તિપૂજકો સાથેનો શાસ્ત્રાર્થ મોકુફ રાખ્યો હતો, એવું કહેવામાં આવે છે. શક્તિ પૂજા અને તે અંગેની સ્તુતિઓ ત્યાર પછી જ તેમણે રચેલી હોવી જોઇએ. આ વાતને કોઇ દંતકથા કહીને અવગણે તોપણ બ્રહ્મસૂત્રના ભાષ્યમાં તો તેમણે સ્પષ્ટ કહ્યું જ છે કે–



> न हि तया विना परमेश्वरस्य स्त्रष्टुत्वं सिध्यति।
> शक्तिरहितस्य तस्य प्रवृत्यनुपपत्तेः ॥ (બ્ર. સૂ. ૧/૪/૩)

અર્થાત્ શક્તિવિના આ સૃષ્ટિ પરમેશ્વરે રચી છે એવું સિદ્ધ કરી શકાતું નથી. શક્તિવિના પરમેશ્વર પણ કોઇ પ્રવૃત્તિ કરી શકે નહિ. તેઓ કહે છે કે શિવ અને શક્તિ ભિન્ન નથી. જો શિવમાંથી શક્તિ કાઢી લેવામાં આવે તો તે જડવત્ બની જાય છે. શવ+ઈવ=શિવ એવું સમીકરણ છે. ઈવ તે બીજું કાંઇ નહિ, પણ શક્તિ. તેના વિના 'શવ' એટલે મડદું જ રહે! શક્તિવિના શિવ કેવી રીતે કાર્યશીલ થઇ શકે? ભગવાન શંકરાચાર્યનું આ ચિંતન શક્તિના મહિમાને વધારનારું તો છે જ.

એમ જોવા જઇએ તો શક્તિના મહિમાનું ગામ પહેલેથી જ ગવાતું આવ્યું છે. મહિમા સાંભળ્યા પછી સાંભળનારના હૃદયમાં

પ્રેમ ને આદરની ભાવના જાગૃત થતી હોય છે. તે પ્રેમભાવ ધીમે ધીમે પ્રબળતમ બની ભરતીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પૂજા કરવા તરફ ઢળતો જાય છે. એવી એક ઘડી આવે છે, જ્યારે તેનાથી શક્તિને પ્રણામ કર્યાવિના અને તેની પૂજા કર્યાવિના રહી શકાતું નથી. જગતમાં પૂજા અને તેની પદ્ધતિ આ રીતે જ અસ્તિત્વમાં આવી છે. શક્તિની પૂજા એવા ભાવથી જ પ્રારંભ પામી હશે. શક્તિની વાત કરીએ ત્યારે સ્હેજે સૌને શાક્ત સંપ્રદાય યાદ આવે. તેની સાથે જ શક્તિની પૂજાનો સંબંધ હશે એવું અનુમાન મન કરવા પણ લાગે. પરંતુ હકીકતે શક્તિ અને તેની પૂજા પુરાતનકાળથી ચાલતી આવી છે. હા, તાંત્રિક ગ્રંથોમાં જે પૂજાનો કર્મકાંડ બતાવવામાં આવ્યો છે તેવો કર્મકાંડ પુરાણકાળમાં નહીં હશે તે સમજી શકાય એવી વાત છે. એટલી વાત તો ચોક્કસ છે જ કે પૂજા પદ્ધતિ માણસના હૃદયમાં રહેલ અહોભાવમાંથી ઉદ્ભવ પામે છે અને તેમાં સમયાનુકૂળ ફેરફાર પણ થતો રહે છે.

વધારે પડતા કઠિન કર્મકાંડના ભારથી અદ્યતન શક્તિપૂજા આચરણ માટે અઘરી બની ગઈ છે. જેમ 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' કહેવાયું છે તેમ કુલાર્ણવતંત્રમાં સ્પષ્ટ ઘોષણા કરવામાં આવી છે કે–

कृपाणधारागमनाद् व्याघ्रकंठावलम्बनात् ।
भुजङ्गधारणात् नूनमशक्यम् कुलवर्तनात् ॥

અર્થાત્ શક્તિ ઉપાસનાનો માર્ગ તલવારની ધારપર ચાલવા કરતાં પણ, અરે ! વાઘની ગરદન પકડવા કરતાં પણ, એટલું નહિ પણ હાથમાં સાપ પકડવા કરતાં પણ વધારે મુશ્કેલ છે. તાંત્રિક ગ્રંથોમાં ઉપાસનાની ક્રિયાઓને પણ ગુપ્ત રાખવાની સૂચના



આપવામાં આવી હોવાથી તે સાધારણ માણસથી તો સાવ અગમ્ય જ બની જવા પામી. પાછળથી કેટલીક પરિભાષા પણ એવી રચવામાં આવી કે જેને કારણે દુર્બોધતાનું ને અગમ્યતાનું પ્રમાણ વધતું જ ગયું. છતાં અદ્યતન જમાનાના શક્તિપૂજાના વિચારોનું મૂળ પ્રાચીનકાળના ગ્રંથોમાં જ રહેલું છે તે નિશ્ચંક વાત ગણાય. ઋગ્વેદ સૌથી પુરાતન વેદ ગણાય છે. તેના દસમા મંડલના ૧૨૫ મા સૂક્તમાં આદિશક્તિ પોતે જ જાહેર કરે છે કે, "હું બ્રહ્માંડની અધીશ્વરી છું. તમામ કર્મોના ફળ હું જ આપું છું. જેને તેને ઐશ્વર્ય પણ હું જ પ્રદાન કરું છું. મારું એક જ સ્વરૂપ હોવા છતાં અનેક સ્વરૂપે ભાસું છું." આ રીતે શક્તિની દેવીનું વર્ણન ખૂબ જ સ્પષ્ટપણે વેદોમાં કરવામાં આવ્યું છે. ઋગ્વેદમાં 'અજા' શબ્દનું પ્રયોજન પણ સમજાવવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે કે જે જન્મે જ નહિ તે અજ. તેમાંથી સર્વ પ્રજાનું નિર્માણ થયું તેથી તે અજા. તે જ અજા આદ્યશક્તિના નામે પૂજાવા લાગી. આ રીતે શક્તિની દેવીનો મુખ્ય અધિષ્ઠાત્રી દેવી તરીકે અને આદ્યશક્તિ તરીકે વેદમાં મહિમા ગાવામાં આવ્યો છે. વેદકાળ પછી ઉપનિષદ્-કાળ મહત્ત્વનો ગણાય છે. જો કે વેદકાળ ને ઉપનિષદ્કાળ વચ્ચે મોટું અંતર પણ લાગે છે. વચગાળાનો સમય સિંધુ સંસ્કૃતિનો સમય ગણાય છે. મોહ જો દડોની સિંધુ સંસ્કૃતિ પણ અદ્યતન જમાના જેવી ખૂબ જ વિકાસ પામેલી સંસ્કૃતિ હતી. તે અંગેના અનેક પૂરાવાઓ ખોદકામ થયા પછી પ્રાપ્ત થયા છે. નગર રચના, મકાનોની બાંધણી, રસ્તા વિગેરેની યોજનાઓ અદ્યતન સમયની 'ટિકનોલોજી' સાથે બરોબરી કરતી જણાય છે. વીસમી સદીના ભારતના કોઈપણ ગામ કરતા તે જમાનાનું નગર વધારે રળિયા-મણું હતું. તે કાળની ઇજનેરી વિદ્યાનો પ્રભાવ તે દ્વારા જાણી

શકાય છે. તે સમયે શક્તિને માતા તરીકે પૂજવામાં આવતી હતી એવું સ્પષ્ટ અનુમાન કરી શકાય એવા અવશેષો મોહ જો દડોમાં પ્રાપ્ત થયા છે. એવી અનેક મૂર્તિઓ અને નિશાનીઓ મળી આવી હોવાથી તે સમયના લોકમાનસમાં શક્તિપૂજાનું મહત્ત્વ હતું તેવું સ્પષ્ટ અનુમાન કરી શકાય છે. એક જ મૂર્તિ મળી હોત તો તેવું અનુમાન ન કરી શકાય. પણ શક્તિદેવીની અનેક મૂર્તિઓ અને તે પણ વિવિધ મુદ્રાઓવાળી મળી આવી છે તેથી તે સમયની શક્તિપૂજાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. માણસ મૂર્તિ બનાવે ત્યારે તે માત્ર રમત ખાતર નથી હોતી. માણસના હૃદયની પ્રેમભાવના તે દ્વારા વ્યક્ત થતી હોય છે તે ભૂલવું ન જોઇએ. તેથી શક્તિ-પૂજાનું મહત્ત્વ તે સમયે હતું એવું જે તારણ કાઢવામાં આવે છે તે એકદમ યથાર્થ ગણાય.

ઉપનિષદ્‌કાળમાં પણ શક્તિપૂજા થતી હતી તે કેનોપનિષદ્ જેવા ઉપનિષદ્ પરથી સ્પષ્ટ કહી શકાય છે. દેવો વિજયના ઉન્માદમાં પરમાત્માની પરમ કૃપાને ભૂલી જાય છે. અભિમાનમાં એવું માનવા લાગે છે કે આપણે બળવાન હોવાથી આપણો વિજય થયો છે. આપણને તો વળી કોણ હરાવી શકે? આવા મદમાં ડૂબેલા તે દેવો સમક્ષ પ્રભુ યક્ષનું રૂપ લઇને પ્રગટ થાય છે તે પ્રસંગ દેવોની કસોટી કરનારો થઇ પડે છે. સાક્ષાત્ અગ્નિદેવ એક તણખલાને નથી બાળી શકતો, વાયુદેવ તેને ખસેડી શકતો નથી અને એ રીતે દેવોની નિર્બળતા તે યક્ષ આગળ સાકાર થઇ. જ્યારે ઇન્દ્રદેવનો વારો આવ્યો ત્યારે યક્ષ અંતર્ધાન થઇ જાય છે. સર્વ દેવો અચંબામાં પડી જાય છે. ત્યારે એક સુંદર કન્યાનું રૂપ લઇ શક્તિની દેવી તેઓ સમક્ષ પ્રગટ થાય છે. તેની પાસેથી સાચી હકીકત જાણવા મળે છે. શક્તિદેવીદ્વારા દેવોને પોતાની ભૂલ



સમજાય હતી અને દેવોનો મદ સાવ ઓસર્યો હતો. ઉપનિષદ્‌ની આ કથા તે સમયની શક્તિપૂજાનો ખ્યાલ આપી જાય છે.

મહર્ષિ બાદરાયણે ત્યાર પછી બ્રહ્મસૂત્રમાં શક્તિની સરસ ચર્ચા કરી છે. બીજા અધ્યાયના બીજા પાદમાં સૃષ્ટિ નિર્માણના ભિન્ન ભિન્ન પ્રચલિત મતોની તેમણે ચર્ચા ઉપાડી છે. સૃષ્ટિ નિર્માણના કારણ તરીકે કોઇ જડ પ્રકૃતિને જવાબદાર ઠેરવે છે તો કોઇ પરમાણુને જવાબદાર લખે છે. તો વળી કેટલાક લોકો ભાવ તથા સંસ્કારને કારણભૂત માને છે. શરીર ને આત્માના સંયોગને કોઇ આગળ કરે છે તો કોઇ આત્માદ્વારા પ્રકૃતિની શક્તિ સ્વતંત્ર સત્તા ચલાવે છે તેને કારણભૂત માને છે. એવી સર્વ ચર્ચાને અંતે તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા લાગે છે કે જો ચૈતન્યાદિ વિશિષ્ટ શક્તિને જ કારણ માનવામાં આવે તો તે સિદ્ધાંત સાથે તેઓ સહમત થવા તૈયાર છે કારણ કે બ્રહ્મ અને શક્તિ વચ્ચે અભેદ છે.

આપણાં બંને મહાકાવ્યોમાં પણ શક્તિના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે. રાવણ સાથેના યુદ્ધ સમયે રાવણ પોતાના ભાઇ વિભીષણ પર ખૂબ ગુસ્સામાં અમોઘ શક્તિનો પ્રયોગ કરે છે ત્યારે ભગવાન રામ પોતાના શરીર પર તેને ઝીલી લેવા પ્રયત્ન કરે છે. કારણ કે વિભીષણ ભગવાન રામને શરણે આવ્યો છે. જે શરણે આવે તેનું તમામ પ્રકારે રક્ષણ કરવાની જવાબદારી ભગવાને સ્વીકારી છે. તેથી ભગવાન રામ અમોઘ શક્તિનો ભયંકર ઘા પોતે ઝીલી લે છે અને વિભીષણનું સુંદર રીતે રક્ષણ કરે છે. પરંતુ રામ તો બેભાન થઇ જાય છે. જો અમોઘ શક્તિની કાંઇ જ અસર ન બતાવવામાં આવી હોત તો શક્તિને કોણ

માનત? તેની પૂજા પણ કોણ કરત? તેથી ભગવાન રામને અમોઘ શક્તિવડે બેશુદ્ધ બની જતા વર્ણવ્યા છે.

તેવી જ રીતે મહાભારતના યુદ્ધને અંતે જ્યારે શ્રી કૃષ્ણ છાવણીમાં પહોંચે છે ત્યારે અંદર ઊભેલા અર્જુનને શ્રી કૃષ્ણ રથમાંથી નીચે ઉતરી જવાની આજ્ઞા કરે છે. અર્જુન આશ્ચર્ય પામે છે. દરરોજ કૃષ્ણ પહેલા ઉતરતા અને પછી અર્જુન ઉતરતો જ્યારે આજે શ્રીકૃષ્ણ અર્જુનને પહેલા ઉતરી જવા કહે છે. અર્જુન એકદમ એનું રહસ્ય સમજી શકતો નથી, છતાં આજ્ઞાનું પાલન તે કરે છે. અર્જુન નીચે ઉતરી પડયા પછી તરત જ શ્રી કૃષ્ણ નીચે ઉતરી પડે છે અને તરત જ તે રથ બળીને ભસ્મીભૂત થઇ જાય છે. આનું કારણ સમજાવતા શ્રી કૃષ્ણ કહે છે કે યુદ્ધિમાં અભિમંત્રિત બાણોનો તારા પર ઉપયોગ થયો હતો. તેની તાત્કાલિક અસર હે અર્જુન! તને ન થાય તેની કાળજી મેં રાખી હતી. તારું એ રીતે રક્ષણ કર્યું હતું. બાણોની તે દૈવીશક્તિ નકામી તો જાય જ નહિ. રથ પર તે બાણો ઝીલાયા હતા તેથી જેવો હું ઉતર્યો તેવો જ રથ બળીને ભસ્મીભૂત થઇ ગયો. આ રીતે દૈવીશક્તિથી સંપન્ન બાણોનો પ્રભાવ મહાભારતે રજૂ કર્યો છે.

પુરાણોના સમયમાં શક્તિપૂજા વધારે વિકસિત થયેલી જણાય છે. દેવીભાગવતમાં બ્રહ્મા અને દેવી વચ્ચે સંવાદ થાય છે. બ્રહ્મા દેવીને પૂછે છે કે તું કોણ છે? તું પુરુષ છે કે સ્ત્રી છે? ત્યારે દેવી જવાબ આપે છે કે હું પુરુષ પણ છું ને સ્ત્રી પણ છું. પુરુષ અને સ્ત્રીમાં કાંઇ જ અંતર નથી. જે હું છું તે જ પુરુષ છે ને જે પુરુષ છે તે જ હું છું. સનાતન બ્રહ્મ "એકમેવાદ્વિતીય" કહેવાય છે તે બ્રહ્મ સૃષ્ટિની રચના વખતે એકના બે થઇ જાય છે. જ્યાંસુધી તે એક રહે છે ત્યાંસુધી નિર્માણનું કાર્ય થઇ શક્યું નથી. એકના બે



થયા પછી જ સૃષ્ટિ નિર્માણનું કાર્ય થઇ શક્યું. આ રીતે એકમાંથી અનેક થવાની ભગવાનની ઇચ્છા જ સ્ત્રીરૂપે પ્રગટી કહેવાય અને તેને જ આદ્યાશક્તિ તરીકે સ્થાન મળ્યું છે. શક્તિપૂજાના વિચારો પુરાણોમાં સારી રીતે અભિવ્યક્ત થયા જણાય છે.

યોગશાસ્ત્રમાં દેવી ભગવાનને પૂછે છે કે શિવ કોણ? શક્તિ કોણ? ત્યારે જવાબમાં ભગવાન કહે છે કે ચંચલ ચિત્તમાં ચિતિ તે શક્તિ છે અને સ્થિર ચિત્તમાં શક્તિ છે તે શિવ છે. તેથી જેનું ચિત્ત સ્થિર થયું હોય તે શિવત્વને પામે છે. જે શિવત્વને પામે છે તે જ મુક્તિનો અધિકારી બને છે એવું યોગશાસ્ત્ર ભારપૂર્વક કહેવા માંગે છે. ગીતામાં આ જ વિચારને જાણે કે બીજા શબ્દોમાં રજૂ કરવામાં આવે છે :

"સાંભળ જો તુજને કહું ઉત્તમ મારું જ્ઞાન"–
પૃથ્વી પાણી તેજ ને વાયુ ચિત્ત આકાશ,
અહંકાર બુદ્ધિ વળી મારી પ્રકૃતિ ખાસ.
બીજી જીવરૂપે રહી મારી પ્રકૃતિ છે,
તેનાથી જગને રચું ઉત્તમ પ્રકૃતિ તે.
આ બંને પ્રકૃતિ થકી પ્રાણી સર્વે થાય,
સર્જન તેમ વિનાશનું સ્થાન મને સૌ ગાય.

(સરળગીતા અ. ૭/૪–૫–૬)

ટૂંકમાં, માણસના શરીરમાં જે ચૈતન્યશક્તિ છે તે પરમાત્માની જ શક્તિ છે. તે શક્તિવડે જ સૃષ્ટિ નિર્માણનું કાર્ય ચાલ્યા કરે છે. તે શક્તિને સાચા અર્થમાં પિછાણવી તે જ પૂજા. તેના સ્વભાવમાં રહેલી ચંચળતા ઓછી કરતા જવું તે તેની મહાપૂજા. સાધનાદ્વારા જીવ મહાપૂજા કરતો કરતો શિવસ્વરૂપ બની જાય તો જીવન સાર્થક થયું ગણાય. □

પૂ. શ્રીના પત્રોમાંથી

# આધ્યાત્મિકતાનું અમૃત–૧

બી. જે. જાગાણી

પૂ. શ્રી યોગેશ્વરજીએ હિમાલયના નિવાસ દરમિયાન શ્રી નારાયણભાઈ, શ્રી ભાઈલાલભાઈ તથા પૂ. માતાજીને ૧૬૦ જેટલા પત્રો લખેલા. આ પત્રોનું પ્રકાશન "હિમાલયના પત્રો"નામના પુસ્તકથી થયું છે. પ્રત્યેક પત્રમાં આધ્યાત્મિકતા અને જીવન જીવવાનું ભાથું મળે છે. આપણને એના દ્વારા જીવન કેડી કંડારવામાં કંઈક વિશેષ મળશે એ હેતુથી પત્રોનો અર્ક મૂકવા અહીં પ્રયાસ કર્યો છે.

૧. પૂ. શ્રી વડોદરામાં લોહાણા બોર્ડીંગમાં ૧૯૪૦ માં નિવાસ કરી રહ્યા હતા. તે દરમિયાન લખાયેલ પત્રમાં જણાવે છે કે કોલેજોની પરીક્ષાઓને જીવનના વિસ્તૃત અને ઉમદા ક્ષેત્રમાં કોઈ સ્થાન નથી. જીવનને ઊર્ધ્વગામી કરવામાં આવી પરીક્ષાઓ ઉપયોગી થતી નથી. વિવેકાનંદના વાક્યને યાદ કરીને કહે છે કે, "આ તમારી ડીગ્રીઓ અને પદવીઓ, શું સમુદ્રમાં એટલું પણ પાણી નથી કે આ બધાંની સાથે તેમને પણ એમાં ડૂબાવી શકાય." શિક્ષણની સાચી દિશા પકડવામાં આવા વાક્યો પૂરતાં છે. પૂ. શ્રીએ પરાવિદ્યાની કેળવણીને બહુ પ્રાધાન્ય આપવાના બદલે અપરાવિદ્યાની પ્રાપ્તિને વધારે પ્રાધાન્ય આપેલું. માટે જ તેઓ હિમાલયમાં કઠોર સાધના કરવા ગયા અને હિમાલયની અપરા-વિદ્યાની દ્યોતક વિશ્વવિદ્યાલયમાં જગદંબાની ઉપાસના કરી અને નજરોનજર રહે તે રીતે પ્રાપ્તિ કરીને જ રહ્યા.



૨. તેઓ કહે છે કે "કેળવણી પળેપળની હોવી જોઈએ. જે કેળવણી પળેપળ કેળવે તે જ સાચી કેળવણી. જીવનમાં ગમે તેવા પ્રસંગો આવે પણ અડગ શ્રદ્ધા ઈશ્વરમાં રહે અને તે પણ સના-તન શક્તિ–જગન્માતામાં. જગન્માતા જ ક્ષણે ક્ષણે દોરી રહી છે. જીવનની કસોટીરૂપ અનેક અંધારી ભેખડોમાં આ જગદંબા ફૂલની પથારી કરીને તેના પર મને ચલાવે છે." આવો અનુભવ પૂ. શ્રીને નાનપણથી જ થતો હતો.

૩. અતૂટ શ્રદ્ધા બને તે માટે પૂ. શ્રી લખે છે કે "આપણને શુદ્ધ થવા દો. આપણને પવિત્ર થવા દો ને પછી હજારો વાવા-ઝોડાં ભલે વરસે, મોતના ઝંઝાવાતો ભલે વાય, દ્વારિકા–નિમજ્જન વખતે ઉભેલા પીળા ભગતની જેમ આનંદ સ્મિતને વેરતા આપણે પ્રલયની ગરદન પર પાય મૂકીને ઊભા રહીશું."

૪. લગ્નજીવન અંગે સ્પષ્ટતા કરતા પૂ. શ્રીએ ૧૫ જુલાઈ ૧૯૪૦ માં પત્ર લખેલો જેનો અર્ક આ પ્રમાણે છે. "મા–બાપ પોતાના સંતાનોને પરણાવી દેવામાં જીવનની ઈતિ કર્તવ્યતા માને છે. સંતાનોને પરણાવી દીધાં એટલે જગ જીત્યા એવો ખ્યાલ હોય છે. પણ એવી ઉતાવળ કાં કરતાં હશે? તેઓ એમ નથી માનતા કે તેમનો પુત્ર સામાન્ય મટી અસામાન્ય થાય? શું તેઓ એમ નથી ઈચ્છતાં કે તેનો પુત્ર અમુક વર્ષોસુધી બ્રહ્મચર્ય પાળે, બને તો આજીવન બ્રહ્મચારી રહી, પોતાનું તેમ જ બીજાનું ભલું કરે? આખી દુનિયામાં તે આગળ આવે, છાતી કાઢીને ઊભો રહે, એમ કેમ નથી ઈચ્છતાં? અને ખરેખર એમ ઈચ્છતાં હોય તો પોતાના પુત્ર પર લગ્નનો કવખતનો ભાર શા માટે લાદી ચગદે છે. પોતાના સ્વાર્થ સારુ પુત્રના જીવનને સંસારની જંજાળથી શા માટે ઝકડી દે? શું મા–બાપ આવી રીતે પુત્ર પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત

કરી શકે છે? તેને આગળ વધવા ઉત્સાહ આપી, અનેક પ્રકારે તેને સંસ્કારથી અભિસીંચી, મા–બાપ પોતાનો પ્રેમ ન પ્રદર્શાવી શકે? પણ આપણે ત્યાં મા–બાપ જ ઘણે ઠેકાણે સંસ્કારહીન જણાયાં છે, ને જ્યાં સંસ્કાર છે. ત્યાં સ્વાર્થ ને ટૂંકી દૃષ્ટિનાં જાળાં પથરાયાં છે."

આ વાક્યોમાં પૂ. શ્રી મા–બાપનું સંતાનો પ્રત્યેનું કર્તવ્ય અને પ્રેમ પ્રદર્શનની સાચી પારાશીશી આપી દે છે. મા–બાપની ઉદારતા કેવી હોવી જોઈએ તે અંગે પણ જ્ઞાનની ઉચ્ચ દૃષ્ટિ આપી દે છે. સંતાનો પ્રત્યેનો પ્રેમ સ્વાર્થરહિત અને સંસારની મોહ–માયામાં ફસાવનારો ન હોવો જોઈએ.

૫ લગ્ન કરવાથી વંશવેલો ચાલુ રહે છે અને તે જોવાની આતુરતા હોય છે. આ તર્કનો જડબાતોડ જવાબ પૂ. શ્રી આપીને આધ્યાત્મિકતાની દિશા ઉઘાડી આપી છે.

પૂ. શ્રી કહે છે કે, "લગ્ન કરવાથી વંશવેલો ચાલુ રહેશે જ તેની કોઈ ખાતરી છે? કાળના સાગરમાં ચાલુ રહેલા વંશનું મૂલ્ય કેટલું? દયાનંદને અને રામકૃષ્ણને ક્યાં વંશજો હતા? તુલસીદાસ ને સુરદાસને ક્યા પુત્રો હતા? મીરાંને કઈ બાલિકાઓ હતી? શું એમનાં નામ જતાં રહ્યાં છે? ઠેકઠેકાણે ફૂટેલી ને ફાલેલી આર્ય-સંસ્થાઓ, ધર્મપીઠિકાઓ, ને તેમાં ધર્મસ્નાન કરતાં હજારો બાલક–બાલિકાઓ, દયાનંદનાં જ બાલકો નથી? 'મીરાં કે પ્રભુ ગિરિધર નાગર' ગાનારી બધી જ કુમારિકાઓ કે માતાઓ મીરાંની જ વારસ નથી?"

પૂ. શ્રીની દૃષ્ટિએ વંશવેલો ચાલુ રાખવા માટે લગ્ન કરવાના તર્કને પુષ્ટિ નથી મળતી, પણ એટલું જરૂર સ્પષ્ટ કહે છે કે જીવન



મહત્ત્વનું છે. વંશવેલો ચાલુ રાખવાની તૃષ્ણા મહત્ત્વની નથી. જે જીવન મળ્યું છે તેમાં સંતનો વારસો ધબકવો જોઈએ.

૬. લગ્નજીવન સાવ નકામું નથી તે બાબતને પણ પૂ. શ્રી સ્પષ્ટ કરતા કહે છે કે, "સામાન્ય માણસ માટે તે અતિ આવશ્યક છે. જે બહુ ઉચ્ચ થઈ ગયા હોય છે તેમને તો એની પોતાને માટેની નિરર્થકતા આપોઆપ સમજાઈ ગઈ હોય છે. લગ્નજીવન પ્રવૃત્તિ રોકે છે એ પણ સાચું નથી. એનાથી મર્યાદા બંધાય છે. ઘણીવાર તે મર્યાદા સકારણ હોય છે ને લાભદાયી નીવડે છે. લગ્ન વિના એક હૃદય ઉચ્ચ થતું હોય છે તો લગ્નથી બે હૃદય ઉચ્ચ થાય છે એ પણ સાચું છે. અને લગ્ન કરનાર બેઉ વિશુદ્ધ હોય તો પરમ પ્રતિપક્ષ, દેહનાં બંધનને શિથિલ કરી, પ્રગતિ સાધે છે એ પણ સ્પષ્ટ છે. ગાંધીજી ને કસ્તુરબા, કે કિશોરલાલ મશરુ-વાળાનો દાખલો સ્પષ્ટ છે.

લગ્નજીવનની બિલકુલ જરૂરિયાત જ નથી અને બધાએ લગ્નજીવનનો ત્યાગ કરવો જોઈએ એવો જડવાદ પૂ. શ્રીએ ક્યારેય ફેલાવ્યો નથી. પૂ. શ્રી તો ગુણગ્રાહી છે. એટલે જ અભિ-પ્રાય આપે છે કે લગ્ન જીવનમાં દેહના બંધનો શિથિલ કરવામાં આવે તો એક જીવ લગ્ન વિના ઉચ્ચ બનવાનો હતો તેને બદલે બે જીવ આવી ભાવનાથી આધ્યાત્મિકતાનાં શિખરો ચડશે.

૭. પ્રાણાયામ કરવાની રીત પર પૂ. શ્રી સ્પષ્ટતા કરતા લખે છે કે, "હું જે રીતે પ્રાણાયામ કરું છું તે જણાવું છું. પહેલાં તો હાથના જમણે અંગૂઠે જમણું નાક દબાવી ડાબે નાકેથી શ્વાસ ચઢાવવો; તે વખતે ૐ ભૂઃ ૐ ભુવઃ એ મંત્ર એક વાર બોલવો. પછી બેઉ નાક દબાવી શ્વાસ રુંધવો ને એ જ મંત્ર ચાર વાર બોલવો. ત્યાર પછી ડાબુ નાક બંધ કરી, જમણા નાકમાંથી શ્વાસ

કાઢી નાંખવો ને તે સમયે પેલો મંત્ર બે વાર બોલવો. શ્વાસ લેવાની ને કાઢવાની ક્રિયા જેમ ધીરે થાય તેમ સારું. આ અર્ધ પ્રાણાયામ થયો કહેવાય. તે પછીથી ડાબુ નાક બંધ કરી જમણા નાકથી શ્વાસ લેવો. તે વખતે મંત્ર એક વાર બોલવો. પછી બંને નાકને બંધ કરી ચાર વાર મંત્ર બોલવો. ને છેલ્લે જમણું નાક બંધ કરી ડાબે નાકેથી શ્વાસ ઉતારતાં બે વાર મંત્રોચ્ચાર કરવો. આમ એક પ્રાણાયામ થાય. પ્રાણાયામને અંતે આંખ અર્ધી મિનિટ કે મિનિટ મીંચેલી રાખવી, ને ઉઘાડતી વખતે હાથને પહોળા કરી સોઽહમ્ ભાવ પ્રગટાવવો. એક, ચાર ને બે વાર મંત્ર બોલવાને બદલે ૮, ૩૨ ને ૧૬ ૐ બોલવા. ઉષા સમયે, મધ્યાહ્નને, સંધ્યા સમયે ને મધરાતે પ્રાણાયામ અનુકૂળ આવે છે." પ્રાણાયામની સરળ રીત અને પ્રાણાયામનો ઉત્તમ સમય પૂ. શ્રીએ સાદા વાક્યોમાં બતાવ્યો. ધ્યાનની ભૂમિકા તૈયાર કરવામાં આવા પ્રાણાયામ ઉપયોગી થાય છે. પ્રાણાયામ કરવાથી કયા કયા ફાયદા થાય છે તે પ્રસંગોચિત જણાવતા રહીશું.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

ગમે તેટલા ભારે અધ્યયનથી, વિદ્વત્તા કે તર્કથી છેવટની શાન્તિ મળી શકશે નહિ. છેવટની શાન્તિ મેળવવા માટે તો અનુભવની દુનિયામાં ઉતરવું પડે છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

## * તોતારામજીને *

ભેખ રે સજોને, તોતારામજી!
સંગી મેનાં સજાવે;
ભોગ રે ત્યજોને, તોતારામજી!
લખ–ચોર્યાસી ચક્કર ફર્યા!
ફળ્યાં નહીં સીતારામજી. ભેખ રે.

એકવાર જલમાં જનમ ધર્યો :
પડયા ધીવરની જાળજી. ભેખ રે.

બીજી વાર નભ કેરા ખગ થયા,
ચડયા બાજને ઝપટજી. ભેખ રે.

ત્રીજી વાર વન વન ખૂંદી વળ્યા!
વાઘ–વરુના શિકારજી! ભેખ રે.

ચક્કર ચક્કર ઘૂમ્યા ફર્યા!
વાસનાની જાળ વિરાટજી! ભેખ રે.

આખરી આ મનખાદે' મળ્યો,
મુક્તિનું ટાણું મહાનજી. ભેખ રે.

ભોગ રે ત્યજોને, તોતારામજી!
સંગી મેનાં ત્યજાવે,
ભેખ રે સજોને, તોતારામજી! ભેખ રે.

— ડૉ. રણજિત પટેલ (અનામી)



## * દેવ પણ ભૂખ્યા જ્યાં નૈવેદ્ય ખુદ માગે *

(દોહરા)

પાડો નહીં રે આંસુ લૂછનાર છે ન કોઈ;
દેનારું સાથ દુઃખમાં છેના દયાળુ કોઈ.

ખિલવાને સ્થાન તારે દિલમાં રહ્યું ઘૂંટાવું;
તુજ ભાગ્યમાં રહ્યું છે તુજને નિત લૂંટાવું.

મળનાર નથી જ કોઈ દેવાને સાક્ષી તારી;
ન મટશે ભાગ્યરેખા આંસુ વહાવનારી.

ભયંકર યાતનાઓ છૂટશે ન ભોગવાનું;
યાતના તણા અવાજો ના કોઈ સુણનારું.

સ્વારથ ભર્યા જગતમાં પ્રામિની આશ રાખે?
દેવ પણ ભૂખ્યા જ્યાં નૈવેદ્ય ખુદ માગે.

અંજલિમાં દાન તુજને દેનાર નથી જ કોઈ;
દેનારું સાથ દુઃખમાં છે નહિ દયાળુ કોઈ.

— વિઠ્ઠલભાઈ પી. મકવાણા (રસાબ્ધિ)

# મહાશૂન્યની સાધના

લાભુભાઈ દવે

મનુષ્યજીવનનું મુખ્ય ધ્યેય છે મોક્ષ. ઈશ્વરદર્શન. સુખદુ:ખ તો કર્મ પ્રમાણે આવે છે અને જાય છે. આપણને જે મળે છે તે આપણું વાવેલું જ આપણે લણીએ છીએ. અને આ ચક્ર સદા સર્વકાળ અવિરત ચાલ્યા જ કરે છે. આને બીજા શબ્દોમાં જન્મ–મરણના ફેરા કહેવામાં આવે છે. હવે આ જન્મ–મરણના ફેરામાંથી જે લોકો બહાર નીકળવા માગે છે તેમણે સાધના–ઈશ્વરભક્તિદ્વારા પ્રયત્નપૂર્વક આ ચક્રમાંથી નીકળી જવા ક્રિયાશીલ બનવું રહ્યું. આજે જે કંઈ સારા ખોટા બનાવ બને છે તેની તરફ ધ્યાન ન આપવું. સમજો તાવ આવ્યો, દવા લીધી, છતાં તાવ ઊતરતો નથી. દાહ સહન થતો નથી. તો શું ચીસો જ પાડયા કરવી? રડયા જ કરવું? વૈદ્ય, ડૉક્ટર તથા સમજુ અનુભવી લોકો કહેશે તાવ તરફ, દર્દ તરફ ધ્યાન ન આપતાં દર્દને, તાવને ભૂલી જવા પ્રયત્ન કરો, ટી. વી. જુઓ, પુસ્તક વાંચો, વાતો કરો, આનંદમાં રહો. દર્દ તરફ ધ્યાન ન આપો. તાવ ધીમે ધીમે ઊતરી જશે. દાહ મટી જશે.

આ વાત તો થઇ સામાન્ય તાવની. આ સંસારચક્રમાંથી છૂટવા માટે પણ સુખ–દુ:ખ તરફ ધ્યાન ન આપવું. એ તો તાવની જેમ આવવાના–જવાના. મોક્ષમાર્ગી ડોક્ટરોની સલાહ પ્રમાણે તેની પરવાહ ન કરો. કોઇ કહેશે કહેવું સહેલું છે. અમલ મુશ્કેલ છે. ખરી વાત છે. પગમાં કાંટો વાગ્યો છે તો કાઢીએ ત્યાંસુધી દર્દ



સહન કરવું રહ્યું. છતાં કાંટાને અને કાંટાના દુ:ખાવાને સતત આખો દિવસ યાદ કરવા બેસી ન રહેવાય. એને તો ભૂલી જવા પડે. એવું જ આપણા સુખ, દુ:ખનું છે. રોજનું પડયું. ક્યાં ચિંતા કરવી? આપણું ધ્યેય તો સુખદુ:ખના સ્વાદ ન માણતાં તેમાંથી બહાર નીકળી ઈશ્વરદર્શન તથા મોક્ષમાર્ગ છે.

નારદમુનિને પ્રથમ જ્યારે ચિત્તમાં ઈશ્વરદર્શન થયાં ત્યારે તે અત્યંત આનંદમાં આવી આંખો ખોલી ઈશ્વરને જગતમાં શોધવા લાગ્યા. પરંતુ તેમને ઈશ્વર–નારાયણ નજરે ન પડયા. નારદમુનિ અત્યંત દુ:ખી થઇ ગયા. ત્યારે ભગવાને આકાશવાણી કરી કે, હે નારદ તને આ જન્મમાં મારાં દર્શન થવાનાં નથી, કારણ જ્યાંસુધી તારામાં વાસનાઓ–ઇચ્છાઓ છે ત્યાંસુધી ત્યાં મારા માટે જગા નથી."

નારદજીની આ વાત આપણને પણ એટલી જ લાગુ પડે છે. હૃદય–મન સંપૂર્ણ ખાલી કરી ઈશ્વર માટે જગા કરવી પડે છે. જ્યાંસુધી મનમાં એક પણ ઇચ્છા હોય ત્યાંસુધી એ ગંદી જગામાં ભગવાન પધારતા નથી. ઈશ્વરદર્શન થતાં નથી. મોક્ષ અથવા મુક્તિ મળતી નથી. મનમાં રહી ગયેલી ઇચ્છા પૂર્ણ કરવા જન્મ લેવો જ પડે છે.

તો મનુષ્યની મોટામાં મોટી મુશ્કેલી તેની ઇચ્છાઓ જ છે. આ ઇચ્છાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો રહ્યો. આ ઇચ્છાઓનો ત્યાગ કઇ રીતે થાય?

શાંતિથી બેસવું. જે મળ્યું છે તેનો સંતોષ માનવો. જે નથી મળ્યું તેનો અફસોસ ન કરવો. તરસ લાગેલી અડધો ગ્લાસ પાણી પીવા મળ્યું, સંતોષથી કહો, હાશ! અડધો ગ્લાસ તો પાણી મળ્યું.

હવે જો દુઃખી થઇ રડીએ કે હટ! માત્ર અડધો ગ્લાસ જ પાણી પીવા મળ્યું તો દુઃખી થવું પડશે. જે અડધો ગ્લાસ પાણી મળ્યું તેનો પણ આનંદ માણી નહિ શકાય. માટે જે મળ્યું છે તેમાં જ આનંદ માણીએ.

હવે ક્ષણ માટે સમજી લો કે અચાનક આપણને હાર્ટએટેક આવ્યો, મરી ગયા. રામ બોલો ભાઇ રામ. તો? છોકરા નાના છે. પત્ની છે. બંગલો છે. કારખાનાં છે. બધાને કોણ સંભાળશે? પરંતુ આપણા હાથની વાત નથી. તેડું આવ્યું જવું પડયું. સાથે લેતા ગયા પેલી ઉપરની ચિંતાઓ, વાસનાઓ. હવે આપણે નથી. છતાં છોકરાં મોટાં થવાનાં જ, પત્ની પણ આરામથી જીવવાની. બંગલા પણ કંઇ તૂટી પડવાના નથી. આપણી હાજરી વગર પણ કોઇ અદૃશ્ય શક્તિ આપણા સ્વજનો તથા મિલ્કત તથા જગતનું ધ્યાન રાખે છે. આ હકીકત છે. હવે આ હકીકત છે તો ચિંતાઓ શા માટે કરવી? જે થવાનું છે તે થવાનું જ છે. અને જે નથી થવાનું તે નથી જ થવાનું. તો આવો, ઊતારી નાંખીએ ચિંતાના સુખદુઃખના એ પોટલાં. માથેથી ભાર ઊતારી નાંખીએ. ભાર ઊતરતાં માથું હળવું થશે. ખાલી ખાલી લાગશે.

આ ખાલીપો–શૂન્યઅવસ્થા ખૂબ જરૂરી છે. શાંતિથી બેઠા. ભગવાનને પ્રાર્થના કરી, બસ, ઈશ્વર મારે કાંઇ જ નથી જોઇતું. કાંઇ જ નહિ. બધું તારી ઇચ્છા પ્રમાણે જ થાય છે. હું કંઇ પણ કરવા માટે સમર્થ નથી. માત્ર હું તને પ્રાર્થના કરી શકું. મારી પ્રાર્થના સ્વીકારવી ન સ્વીકારવી એ પણ તારી મરજી. હા મારી ઇચ્છા છે કે મને તારાં દર્શન થાય. સત્ય સમજાય. હું જન્મ-મરણના ચક્રમાંથી બહાર નીકળી સતત તારા અને તારા જ



સાન્નિધ્યમાં રહું. તારા સિવાય મારે કશું જ નથી જોઇતું. તારાથી ઊતરતું મારે કશું નથી જોઇતું. મારે ફક્ત જોઇએ છે, ફક્ત તું, તું અને તું.

આ પ્રકારની પ્રાર્થના બાદ શાંત થઇ જાઓ, અંદરથી શાંત. સાવ ખાલી. ન હર્ષ, ન શોક, ન સુખ, ન દુઃખ. કશું જ નહિ. ફક્ત શૂન્ય. આનાથી પણ આગળ મહાશૂન્ય. ન કોઇ વિચાર. ન કોઇ ઇચ્છા. ઈશ્વર તમને મળવા દોડતો આવશે. આ છે મહાશૂન્યની સાધના.

શાન્તિ ને સુખનો સનાતન ખજાનો માણસની પોતાની અંદર છે, તેને મેળવવા પોતાની અંદર જ દૃષ્ટિપાત કરવો જોઇએ.

યોગેશ્વરજી

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મીરાંબાઈનું જીવનવૃત્તાંત

(માર્ચ–'૯૮ના અનુસંધાનમાં) સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

આવી હાલતમાં મેં આગળ ચાલ ચાલ કર્યું. રસ્તામાં સાધુ-સંતોના દર્શન કરું, સત્સંગ કરું, ભિક્ષામાં કંઇ મળ્યું તો વાહ, ન મળ્યું તોયે વાહ! ગમે ત્યાં સૂઇ જાઉં, કેટલીક વાર તો આખી રાત ઊંઘ વગર કાઢું. પણ મારું ગાવાનું બંધ ન રહે! નવાં નવાં પદ રચાયાં કરે, અને ગવાયા કરે, બસ, ગવાયા જ કરે! પણ હું કદી આ પદો લખી રાખતી નહિ. મનમાં ભાવ જાગે ને એ ભાવ પ્રમાણે પદ રચાઇ જાય! બીજાઓની પેઠે મારાં પદો તત્કાળ લખી લેવાયેલાં નથી, તેથી તેમાં ઘણા ફેરફાર થઇ ગયા છે. મારી સાથેના સંતો પહેલાં મારી સાથે મારાં પદો ગાતા, અને પછી પોતાની મેળે એકલા ગાતા. મારાં પદોનો આમ પ્રચાર થયો છે. ઘણાં નાશ પણ પામ્યાં, તો કેટલાંકમાંથી મારા અસલ શબ્દો નીકળી ગયા, ને નવા ઘૂસી ગયા. પદો લખી રાખેલાં ન હોય એટલે આવું બને તે સ્વાભાવિક છે. એ જમાનામાં ભક્ત સુરદાસનાં ભજનો ખૂબ ગવાતાં હતાં. પરંતુ એમનાં બધાં ભજનો કાળજીપૂર્વક લખી રાખેલાં હતાં, અને તેથી મારાં ભજનોની વલે થઇ તેવી એમનાં ભજનોની થતી બચી ગઇ. હવે મારાં ભજનો ફરી ગવાતાં થશે અને બધે ફેલાશે, અને ફરી બધે મીરાંનો પ્રેમ ફાલશે, હવે મૂળ વાત પર આવું.

મારું શું થશે તેની મને લેશ પણ ચિંતા નહોતી. હું તો ગાતી ને નાચતી વૃંદાવનની વાટે જઇ રહી હતી. મારું મન આખું



કૃષ્ણમય બની ગયું હતું. પહેલાં કૃષ્ણ અને પછી મારા ગુરુ. આ સિવાય બીજા કોઇનો મને કદી વિચાર સુદ્ધાં આવતો નહિ. મને ખાતરી જ હતી કે વૃંદાવનમાં મારા ગુરુ મારી રાહ જોઇ રહ્યા છે. રાજરાણીમાંથી હું છેક ભિખારણ બની હતી. વિધિનું આખું ચક્ર પૂરું થયું હતું, પણ હું એવી આનંદમગ્ન હતી કે મને લાગતું નહોતું. ગુરુના દર્શન માટે જ હવે હું જીવતી હતી. ગુરુ અને કૃષ્ણ એક જ છે એ હજી શીખવાનું હતું. આ રીતે વૃંદાવનનો સાદ મને સંભળાયો.

૧૯૫૧ના જૂનની ૨૫ મી તારીખે મીરાંએ કહ્યું, 'મારા ગુરુ સનાતન સમાજના ઉચ્ચ વર્ગમાંથી આવતા હતા. તેઓ ત્રણ ભાઇ હતા. રૂપ, સનાતન અને અનુપમ. ત્રણે ભાઇઓ શ્રી ચૈતન્યના શિષ્ય થયા હતા. સનાતન તે વખતના બંગાળના વજીર હતા. એમની પારદર્શક પ્રમાણિકતાને લીધે નવાબને એમના ઉપર ખૂબ જ વિશ્વાસ હતો, રાજ્યનો બધો કારભાર એણે એમના ભરોસે જ છોડયો હતો. તેથી જ્યારે સનાતને પોતાના ગુરુ શ્રી ચૈતન્યના ચરણે જઇ બેસવા નોકરીનું રાજીનામું આપવાનો નિશ્ચય કર્યો, ત્યારે નવાબ ગુસ્સે થયો, તેણે એમને પકડીને કારાગૃહમાં પૂરી દીધા. પરંતુ કોટવાલને વશ કરી લઇ એ કારાગૃહમાંથી છટકી ગયા. અને સીધા જ પોતાના ગુરુને મળવા વૃંદાવન ગયા.

તેમને આખા શરીરે ખરજવું ફૂટી નીકળ્યું અને તેનાથી એ ખૂબ પિડાતા હતા. આવી સ્થિતિમાં પણ મહાપ્રભુ રોજ એમને દોડીને ભેટતા. સનાતન ના ના કરતા રહે સનાતનને મનમાં ભારે ઉદ્વેગ થાય કે હું મહાપાપી છું, એમના આશ્લેષને હું લાયક નથી!

આ ઉદ્વેગ એટલો વધી ગયો કે છેવટે એમણે આપઘાત કરી મરી જવાનો નિર્ણય કર્યો પણ મહાપ્રભુ એમના મનની વાત તરત પામી ગયા, તેમણે એમને બેસાડી પ્રેમથી ઠપકો આપ્યો કે, 'આ તારું શરીર હવે તારું ક્યાં છે? તેં તો શરીર, મન અને તારું જે કંઇ છે તે બધું, અને તું પોતે જે કંઇ છે તે બધું જ મને દઇ દીધું છે! પછી તારા શરીર પર તારો અધિકાર ક્યાં રહ્યો! એ શરીર પર મારો, મારો જ એકલાનો અધિકાર છે. મારી આજ્ઞા છે કે તું હવે નિષ્કિચન રહી વૃંદાવનમાંવાસ કર!' મારા ગુરુની પાસે એ વખતે મૂડીમાં માત્ર એક કામળો હતો તે પણ છોડી દઇ તેઓ સાવ નિષ્કિચન બની ગયા. મહાપ્રભુએ આશીર્વાદ આપી, ભવિષ્યવાણી ભાખી. 'સાક્ષાત્કાર તો તને થશે જ, પરંતુ તું લાંબુ જીવી તારું જીવન ધન્ય થયેલું જોશે. તને એવી શિષ્યા આવી મળશે જ. તને રાધાનો પ્રેમ શી ચીજ છે તે શીખવશે.'

૧૯૫૧ ના મેની બાવીસમી તારીખે મેં મીરાંબાઇને કહ્યું કે ગુરુ કેવી રીતે શિષ્યને મદદ કરે છે તે મને કહો! ત્યારે તેમણે કહ્યું, 'સ્વર્ગના દરવાજે મોટું તાળું મારેલું હતું. એટલામાં એક માણસ આવી હથોડો લઇને તાળું તોડવા બેઠો. એના મનથી એમ કે હું હથોડો ઠોકી ઠોકીને તાળું તોડી નાંખીશ, એટલે દરવાજો ઊઘડી જશે! એકલે હાથે, કેવળ પોતાની તપસ્યાના જોર પર, સ્વર્ગનું આધિપત્ય જીતવાની ઇચ્છાવાળાઓનો રસ્તો છે. પરંતુ તે. પછી બીજો માણસ આવ્યો. એ સીધો જ દરવાનની પાસે ગયો, અને એને દરવાજો ઊઘાડવાની વિનંતિ કરવા લાગ્યો. દરવાને ખુશ થઇ એને દરવાજો ઊઘાડી આપ્યો અને એ માણસે અંદર પ્રવેશ કર્યો.' આ ગુરુવાદનો રસ્તો છે. દરવાજાની ચાવી જેના હાથમાં છે તે ગુરુ!



૧૯૫૧ ની મેની ચોવીસમી તારીખે મેં મીરાંબાઇને ફરિયાદ કરી કે 'મને છાતીમાં એટલું દર્દ થાય છે મારાથી શ્વાસ પણ લેવાતો નથી.'

મીરાંબાઇએ જવાબમાં કહ્યું, 'દર્દનો વિચાર જ ન કર. એક માત્ર ઈશ્વરનો જ વિચાર કર! તારી પાસે જે કંઇ છે તે બધું એને જ દઇ દે. તારાં દુઃખસુખ, અશ્રુ અને હાસ્ય, આશાઓ ને આશંકાઓ બધું જ! ટૂંકમાં તારી સમગ્ર જાત એને દઇ દે! એટલું જાણી રાખ કે તારું દર્દ મટાડવાનો તું એને હુકમ નહિ કરી શકે, પરંતુ જો તું તારું દર્દ એને દઇ દેશે, તો તું સાજી થઇ જશે! એટલે કે એની ખાતર સહેવાનું છે એમ સમજીને જો તું તારું દર્દ સહેશે તો! હું ખાતરીથી કહું છું કે એની ખાતર જેઓ સહે છે તેઓ એના ખૂબ પ્રિય બને છે, અને તેઓને દુઃખ થાય છે તેના કરતાં એને વધારે દુઃખ થાય છે! મારા પોતાના અનુભવ પરથી હું આ કહું છું.

'પરંતુ દર્દ કે નહિ દર્દ, કશાને માટે એનું શરણું લેવાનું નથી. પરંતુ એનું શરણું લેવાનું છે એની પાસેથી કંઇ લાભ મળે એટલા માટે નહિ, પણ એને સ્વયં સમર્પિત થઇ જવાનો આનંદ છે તે લેવા માટે! કારણ, એના વગરનું જીવન એ જીવન જ નથી, એવા જીવનનો કંઇ જ અર્થ નથી! તો પછી આપણે કેમ એની પાછળ પડતા નથી! કારણ, આપણો આત્મા ધૂળઢેફાંમાં ઢંકાયેલ લોઢા જેવો છે. ધૂળઢેફાં દૂર થાય, ને લોઢું પ્રગટ થાય તો એ લોઢું લોહચુંબકથી ખેંચાયા વિના નહિ રહે. ભગવાન છે એ લોહચુંબક જેવો છે, એ લોઢાને ખેંચ્યા વિના નહિ રહે. તેથી આપણે આપણે ભાગ ભજવવાનો છે. ધૂળઢેફાં જેવી અશુદ્ધિઓ ખંખેરી કાઢવાની છે, પછી આપણે એનાથી ખેંચાશું જ અને એની સાથે એક થઇ જશું.'

**ભક્ત દોરો ને ભગવાન સોય !**

૧૯૫૧ ના માર્ચની એકત્રીસમીએ મીરાંબાઇએ કહ્યું, '**ભક્ત છે તે દોરો છે અને ભગવાન છે તે સોય છે.** દોરાવડે સોય સાંધવાનું કામ કરે છે, પરંતુ સોય વગર દોરો સાવ નકામો છે. જ્યારે દોરો સોયને સમર્પિત થઇ જાય છે, અને એનું ઓજાર બની જાય છે ત્યારે જ એનાથી ઉપયોગી હેતુ સરે છે. સોય દોરાનો ઉપયોગ કરે છે અને પોતે કોરીકટ, જરાયે વળગણ વિના બહાર આવી જાય છે, તોય સોયને દોરાની જરૂર રહે જ છે તેવી રીતે કૃષ્ણને પોતાની લીલા માટે, પ્રાગટય માટે, ભક્તની જરૂર રહે છે. બંને એકબીજા પર આધાર રાખે છે, અથવા કહો કે એક-બીજાથી સાર્થક થાય છે.

૧૯૫૧ ના જૂનની ત્રીસમી તારીખે મીરાંબાઇએ કહ્યું, 'છેવટે હું પગે ચાલીને વૃંદાવન પહોંચી ગઇ. પરંતુ ત્યાં મેં સાંભળ્યું કે જે મારા ગુરુ સનાતનને ચરણે બેસવા હું આટલી લાંબી વાટ કાપી-ને આવી હતી તેમણે એકાંતવાસ લીધો છે, અને કદી સ્ત્રીનું મોં નહિ જોવાનું એમણે વ્રત લીધું છે. મેં એમને કહેવરાવ્યું કે અત્યાર સુધી હું એમ સમજતી હતી કે 'વૃંદાવનમાં એક કૃષ્ણ પુરુષ છે, બાકી સૌ રાધા છે!' આ સાંભળી તેઓ વિહ્વળ બની ગયા, તેમણે તરત મને બોલાવી. મને જોતાં જ તેઓ હાથ લાંબા કરી સામે દોડયા. કહે 'મીરાં તું સ્ત્રી નથી, પણ પહાડી ઝરણું છે. જે તારા સંસર્ગમાં આવે તે શુદ્ધ થઇને જ બહાર આવે છે! 'તે પછી તેમની શિષ્યા બની હું તેમની ઝૂંપડીમાં તેમની સાથે રહી. ઝૂંપડી એટલી નાની હતી કે રાતે મારે એમના ખાટલાની નીચે સૂઇ રહેવું પડતું. આવી રીતે હું એમની સાથે સાડાસાત વરસ રહી.'

(મીરાંબાઇનું જીવનવૃત્તાંત
'અનંતના યાત્રીઓ'માંથી સંપૂર્ણ)

---



# ૧૮ માર્ચ-પૂ. શ્રીનો લીલાસંવરણદિન

**સુરેશભાઇ શાહ, કેનેડા.**

૧૮ માર્ચ–૧૯૯૮, બુધવારના રોજ રાત્રે ૭–૩૦ થી ૯–૩૦ પૂ. શ્રીના આ મહાપર્વની ઉજવણી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરોન્ટોએ શ્રી સુરેશભાઇ મિસ્ત્રીના નિવાસસ્થાને ખૂબ શ્રદ્ધા-ભક્તિથી કરી હતી. શ્રી અશોકભાઇ પાઠકે શાસ્ત્રોક્તવિધિથી પૂ. શ્રીની પાદુકાનું પૂજન યજમાનદંપતિ પાસે કરાવ્યું હતું. સુંદર રીતે સુશોભિત દિવાનખંડમાં પૂ. શ્રીનાં પૂરા કદનું સ્વરૂપ શોભાતું હતું અને ભજન, ધૂન, બાવની, પ્રણામ, શાંતિપાઠ, પ્રસાદ લઇ સૌ આધ્યાત્મિકતાના સ્પંદનો લઇ છૂટા પડયા હતા. પ્રસંગની વિશિષ્ટતા ચાલુ દિવસ હોવા છતાં, સ્નો પડતો હોવા છતાં સૌ સમયસર પધાર્યા હતા અને સંપૂર્ણ શ્રદ્ધાભક્તિથી સૌ માનસિક રીતે હાજર હતા. એકાગ્રતા, વ્યક્તિગત પાદુકાપૂજન પ્રસંગની સવિશેષતા હતા.

૧૮ માર્ચ, પૂ. શ્રીનો લીલાસંવરણદિન, આપના પાર્થિવ પરિત્યાગને આજે ૧૪ વર્ષ પૂરાં થયાં. આપની માનવદેહ ધારીને કરેલી અલૌકિક લીલાને અમે કેવી રીતે વિસરીએ. આજના પવિત્ર દિવસે અમને તમને–

* શબ્દાંજલિ, આપવાનું મન થાય પણ શબ્દો આપના જીવનને ચરિતાર્થ કરવા અસમર્થ છે.

* પ્રેમાંજલિ, આપવાનું મન થાય પણ અમારો પ્રેમ એટલો ઉત્કટ અને અવિભાજ્ય નથી.

* શ્રદ્ધાંજલિ, આપવાનું મન થાય પણ અમારી શ્રદ્ધા

આપના પ્રચંડ વ્યક્તિત્વ આગળ વામણી લાગે છે.

* ગીતાંજલિ, અર્પણ કરવાનું મન થાય પણ અમરાં ગીતો-નો લય આપના પરમાત્મતત્ત્વને પામવા પૂરતો નથી.

* સ્નેહાંજલિ, અર્પણ કરવાનું મન થાય પણ અમારી સ્નેહ-સાંકળની બધી જ કડીઓ આપને પરિપૂર્ણ સ્નેહાધીન થવા દેતી નથી.

* આનંદાજલિ, અર્પણ કરવાનું મન થાય પણ અમારો આનંદ આપના સદાનંદ, નિજાનંદ, પરમાનંદ અને આત્માનંદ સામે અતિઅલ્પ છે.

તેમ છતાં સીમિત શબ્દોથી, વિભાજીત પ્રેમથી, અનેરી શ્રદ્ધા-થી, અપાર સ્નેહથી અને અમારા આત્માના અનુરાગથી અમે તમને આજે કેવી રીતે પરિપૂર્ણ રીતે અર્ધ્ય ધરી શકીએ?

જો અમારું જીવન—

* સરિતા હોય તો આપ તેનું સલિલ છો.

* કવિતા હોય તો આપ તેની ઊર્મિઓ છો.

* આકાશ હોય તો આપ સૂર્ય અને ચંદ્ર છો.

* નાવડી હોય તો આપ તેના હલેસાં અને દિવાદાંડી છો.

* દીપક હોય તો આપ તેની જ્યોતિ છો.

* પુષ્પ હોય તો આપ તેના પરિમલ છો, પરાગ છો.

* વૃક્ષ હોય તો આપ તેના મૂળ અને મીઠાં ફળ છો.

* વાદળ હોય તો આપ વર્ષા છો.

* કાદવ જેવું હોય તો આપ કમળ છો.



* અરીસો હોય તો આપ તેનું પ્રતિબિંબ છો.

* સાગર હોય તો આપ તેની વિશાળતા છો.

* ચંદન હોય તો આપ તેની સુગંધ છો.

* રથ હોય તો આપ તેના સારથિ છો.

આપના સાદાઈ, નમ્રતા, સહજતા, સહનશીલતા, અપરિ-ગ્રહતા, નીડરતા, ત્યાગ, ભક્તિ, સમર્પણ અને દેશપ્રેમ તથા સાહિત્યરચના અમારે મન મહામૂડી છે, સમાજની કરુણા એ છે કે આપના વિશેષગુણોથી સૌ વંચિત રહ્યા. આપ ભગવત્સ્વરૂપે અવનિઉપર પધાર્યા અને ભગવાન સ્વરૂપથી સૌ અજાણ રહ્યા. પ્રભુ આપ સર્વજ્ઞ છો, સર્વત્ર છો અને સર્વવ્યાપી છો.

સાબરમતીના સંત, દેવપ્રયાગના દેવપુરુષ, હિમાલયના તપસ્વી, યુગાવતારના યુગપુરુષ પૂ. શ્રી આપે પૂ. મા સર્વેશ્વરીનું પૃથ્વી ઉપર અવતરણ કરી અમારા જેવા અલ્પાત્માઓને આધ્યાત્મિકતાનું પાન કરાવ્યું છે. આપનાં શ્રી ચરણોમાં અમે શાંતિ પામ્યા છીએ, ભક્તિ પામ્યા છીએ. અંતરનો આનંદ પામ્યા છીએ, જન્મોજન્મ અમારા સદ્ગુરુ બનજો અને આપના અંકે લેજો એ જ અભિલાષા, અભ્યર્થના, પ્રાર્થના.

"યોગેશ્વરપ્રભુ શત પ્રણામ હો,
મા સર્વેશ્વરી શત વંદન હો,
શત વંદન હો શત પ્રણામ હો,
શત પ્રણામ હો, શત વંદન હો."

# યોગસાધનાના પાયા

પ્રો. ડો. હરીશ વ્યાસ

યોગસાધનાના પાયા વિષે વિચારતાં, પ્રથમ તો 'યોગ' એટલે શું એ સમજી લેવું જરૂરી છે. 'ભગવદ્‌ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્તે સમજાવે છે, **"समत्वम् योगः उच्यते।"** અર્થાત્ જીવનમાં, મન–હૃદયમાં, બુદ્ધિમાં સમતા એ જ યોગ છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં, "Balance of life is yoga." જીવનમાં સમત્વ એ જ યોગ છે. યાદ આવે છે ત્રાજવાની દાંડી, જે લેશ ઊંચી યે નહિ અને નીચી યે નહિ. બલ્કે સમતાવાળી હોય. કફ, વાત અને પિત્તમાંથી મનુષ્યશરીર જો સમતા ગુમાવે, તો કોઈને કોઈ રોગ, વિકાર કે બીમારીનો ભોગ બને છે. બલ્કે આરોગ્ય, તંદુરસ્તી અને સ્વસ્થતા ગુમાવે છે એમ જ શરીર, મન, બધ્ધિ અને હૃદય સમત્વવાળાં હોય તો જ જીવનની સ્વસ્થતા જરૂર આવી મળે છે. વળી બીજા સ્થાને 'ગીતા'માં જ ભગવાન શ્રીકૃષ્ણે 'યોગ' વિષે સરસ કહ્યું છે, **"योगः कर्मसु कौशलम्।"** અર્થાત્ જે તે સત્કર્મમાં કુશળતા પ્રગટાવવી એ જ યોગ છે. એલફેલ રીતે, બેફામ રીતે નહિ, પરંતુ કુશળતાપૂર્વક, વિચારપૂર્વક, જ્ઞાનપૂર્વ, વૈજ્ઞાનિક ઢબે અને સમજણપૂર્વકનું ઈશ્વરપ્રીત્યર્થે થતું ભક્તિયુક્ત કર્મ, યોગને પ્રગટાવે છે. જીવ અને શિવની, બલ્કે જીવાત્મા અને પરમાત્માની એકતા એ જ છે યોગ. વળી 'યોગ-સૂત્ર' ગ્રંથમાં મહર્ષિ પતંજલિએ સુંદર વ્યાખ્યા કરી છે યોગની, **"योगः चित्तवृत्ति निरोधः।"** અર્થાત્ ચિત્તની વૃત્તિઓનો સમજણ-



પૂર્વક નિરોધ કરવો એ જ છે યોગ. ચિત્ત તો અતિશય ચંચળ, ગતિશીલ, ભ્રમણશીલ અને કાર્યશીલ છે. એને લેશ દબાવવાનું, કચડવાનું કે હણવાનું નથી. એમ કરીશું તો એ જોરશોરથી ઊછળશે અને આપણને ફેંકી દેશે. જેથી તેને પ્રેમથી પટાવી, પંપાળી અને સમજાવીને કાબૂમાં લેવાનું છે. ખરેખર તો વૃત્તિઓ, વિકારો અને વિચારોથી ચિત્ત ભરપેટ ભરેલું છે, એને શુદ્ધ, બુદ્ધ અને મુક્ત કરીશું, તો જ સત્ય, પ્રેમ, મૈત્રી, કરુણા વગેરેનું યથાર્થ દર્શન થશે, જેમાંથી આત્મદર્શન, પરમાત્મદર્શન, મોક્ષ, નિર્વાણ, મુક્તિ વગેરે જરૂર અનુભવાશે.

સ્વામી વિવેકાનંદે યોગસાધના માટે, સૌથી પ્રથમ પાયાની વસ્તુ માની છે, અભીપ્સા (Aspiration), ઊંચે ઊઠવાની તીવ્ર ઈચ્છા. એટલે જ તેઓ કહે છે, "Have faith that you are all my bravelads! born to do great things, in this world." અર્થાત્ હે મારાં બહાદુર બાળકો! હમેશાં એવો વિશ્વાસ રાખો કે તમે આ દુનિયામાં મહાન કાર્યો કરવા માટે જન્મ્યાં છો. એટલા માટે તેમના મતે, "Let us have high and intense aspiration for life." આપણી પાસે ઊંચે ઊઠવાની ઉત્કટ તમન્ના, અભીપ્સા હોવી જોઈએ. કારણ કે, તેમના જ મતે, "Conformity with nature is death. While ascendance from hature is life." અર્થાત્ પ્રકૃતિ(સ્વભાવ)ને વશ થવામાં મૃત્યુ છે, અને સ્વભાવ(પ્રકૃતિ)થી ઊંચે ઊઠવામાં જ જીવન છે.

યોગસાધનાનો બીજો પાયો છે ધ્યાન (Meditation). વિશ્વચિંતક અને મહાન સાધક શ્રી જે. કૃષ્ણમૂર્તિ ધ્યાન વિષે કહે

છે, "Meditation is an observation and understanding of the self neutrally, consciously and explicitly" અર્થાત્ સ્વને તટસ્થતાપૂર્વક, જાગૃતિપૂર્વક અને વિશદતાથી અવલોકવું અને સમજવું તેનું જ નામ છે ધ્યાન. ક્ષણે ક્ષણે જીવનની એકે એક ઘટના, પ્રવૃત્તિ અને કાર્યને સજગતા અને તટસ્થતાથી જોવાથી, સમજવાથી, આપણામાં રહેલાં રાગદ્વેષ, ઈર્ષા, અસૂયા, વેરઝેર, પૂર્વગ્રહો, ગ્રંથિઓ વગેરે ઉત્તરોત્તર ઓગળે છે અને ક્ષીણ થઈ જાય છે. જેથી ચિત્ત શુદ્ધ થાય છે. જેમાંથી સત્ય, પ્રેમ, મૈત્રી વગેરે સદ્ગુણોનું યથાર્થ દર્શન થાય છે.

મહર્ષિ અરવિંદના મતે, યોગસાધનાનો ત્રીજો પાયો છે, ઉન્મૂલન અને સંમિલન (Reduction and Assimilation). ચોમાસામાં ડાંગરના ખેતરમાં, ડાંગરના છોડ સાથે જ અડબાઉ (નકામા) છોડ ઊગી નીકળે છે, જેને ખેડૂતો બિનજરૂરી અને બાધક ગણીને, ઊખેડી નાંખે છે અને જ્યાં ખાલી જગ્યા પડી ગઈ હોય છે, ત્યાં ડાંગરના ઉપયોગી છોડ રોપી દે છે. અને જરૂરી કેલ્શિયમ, ફ્રોસ્ફેટના ખાતરોની પૂર્તિ કરે છે. બલ્કે યોગ-સાધનાના વિકાસમાં જે બિનજરૂરી, વ્યર્થ અને નિરૂપયોગી તત્ત્વો છે, તેમને દૂર કરવાનાં છે, અને જે તત્ત્વો ખૂટે છે, તેમને સંમિલિતરૂપે, પૂર્તિ કરવાનાં છે. અને જીવનસાધનાને દૃઢ મજબૂત અને સંપન્ન કરવાની છે. એટલા માટે મહાન સાધક શ્રી કિશોર-લાલ ઘ. મશરૂવાળા 'જીવનશોધન' ગ્રંથમાં દુર્ગુણો, વિકારો, દોષો અને નબળાઈઓનું નિરાકરણ (નિવારણ) અને સદ્ગુણો, સબળાઈઓ તથા સુસંસ્કારોની પુષ્ટિપર ભાર મૂકે છે.

વળી યોગસાધનાનો ચોથો પાયો છે સંકલ્પશક્તિ (Will power). ઇંગ્લેન્ડના મહાકવિ શેક્ષપિયરે કાવ્યનાટક લખ્યું છે,



'હેમલેટ' જેમાં હેમલેટને વીર, પરાક્રમી અને સાહસિક યોદ્ધા તરીકે કવિએ સરસ ચીતર્યો છે. પરંતુ જ્યારે બરાબર કટોકટીની ક્ષણ આવે છે, ત્યારે મહાકવિએ એની અનિશ્ચયાત્મકતાને, આ શબ્દોથી દર્શાવી છે, "To do, or not to do, is a problem for me!"અર્થાત્ આ (સાહસ) કાર્ય કરવું કે ન કરવું એ મારા માટે એક સમસ્યા છે. આ અનિશ્ચિતતાની સ્થિતિમાં જ રાજા ક્લોડિયસના સૈનિકો આવી પહોંચે છે અને તેને પકડીને કેદ કરે છે. જેનાથી એનું સ્વપ્નું રોળાઈ જાય છે, અને તેનું સાહસ નિરર્થક થઈ જાય છે. એટલા માટે યોગ-સાધનામાં ભારોભાર મક્કમતા, અડગતા, ચોક્કસતા, અડીખમતા અને નિશ્ચલતા ખૂબ ખૂબ જરૂરી છે. આપણા ભક્ત કવિ શ્રી સ્વામી બ્રહ્માનંદે આ બાબતે કેવું સરસ ગાયું છે! "રે શિર સાટે નટવરને વરિયે, રે પહેલું તે મનમાં ત્રેવડિયે, રે હોડે હોડે જુદ્ધે નવ ચડિયે, રે ચડિયે તો કટકા થઈ પડીએ રે. શિર સાટે નટવરને વરિયે!" તો કવિ ધીરો ભગત પણ આ બાબતે કેવું સરસ ગાય છે તે ય જુઓ, "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!" યોગસાધના એ તો હરિનો મારગ છે, જે ખરેખર તો શૂરાનો જ રસ્તો છે. પૂજ્ય રવિશંકર મહારાજના શબ્દોમાં, "હેસો હેસો કરતા દોડશો નહિ, અંધ અનુકરણ કરશો નહિ, બલ્કે પૂરેપૂરો ત્રણ વાર વિચાર કરીને, સમજણપૂર્વક મક્કમતાથી વરણ કરીને, નિશ્ચયાત્મક બનીને જ. આગળ વધો. કારણ કે, અનિશ્ચયાત્મકતા ખતરનાક છે." એટલે જ સ્વામી વિવેકાનંદ કહે છે, "ઊઠો, જાગો, અને સંપૂર્ણ ધ્યેય પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી આપણે લેશ પાછા હટવાનું નથી જ નથી."

જરૂર યોગસાધનાનો પાંચમો પાયો છે. તપશ્ચર્યા (Asceticism). એટલા માટે જ ઋગ્વેદનો મહાન ઋષિ ગાય છે, "ऋतं

च सत्यम् चाभिद्धात् तपसोऽध्यजायत।" જેનો પૂ. આચાર્યશ્રી ડોલરભાઇ માંકડે સુંદર અનુવાદ કર્યો છે, "તેજસ્વી તપથી જન્મ્યાં, ઋત ને સત્ય આ જગે." બલ્કે તેજસ્વી તપમાંથી જ ઋત્ (સૃષ્ટિના સનાતન નિયમો) અને સત્ય પ્રગટે છે. સંત વિનોબાજી તપની વ્યાખ્યા કરતાં કહે છે, "સત્યને માટે સહન કરવુ એનું જ નામ છે તપ." ગાંધીજી સાફ શબ્દોમાં કહે છે, "સત્ય એ જ ઈશ્વર છે અને ઈશ્વર એ જ સત્ય છે. વિચાર, વાણી અને વર્તનમાં સત્ય હશે, તો જ પરમેશ્વરનું દર્શન થશે." આ તપશ્ચર્યામય સાધનાનું મીરાંબાઇએ પણ કેવું સરસ વર્ણન એમના ભક્તિગીતમાં કર્યું છે! "જે દુઃખ થાય તે થાજો, રૂડા રામને ભજતાં. ઊંચો બાંધીને નીચે અગ્નિ પ્રજાળે, માર મૂશળ કેરા ખાજો. રૂડા રામને ભજતાં. જે દુઃખ થાય તે થાજો, રૂડા રામને ભજતાં!..." યોગસાધનાનો માર્ગ એ તો હરિદર્શનનો જ માર્ગ છે, એ માર્ગે જે કષ્ટો, બાધાઓ, ત્રાસ અને યાતનાઓ આવે, તેમને પ્રેમપૂર્વક, હસતાં હસતાં, સહન કરવાની છે. જે હરિના માર્ગે જાય છે, તેની ભારોભાર કસોટી અને અગ્નિ-પરીક્ષાઓ થતી જ હોય છે, પણ જે એમાં અચલ, અડગ ને સહિષ્ણુ રહે છે, તે જ 'અવિચલ પદે' 'પરમતત્ત્વ'ને પામે છે. એમાં કોઇ મીનમેખ નથી જ નથી.

આ ઉપરાંત યોગસાધનાનો છઠ્ઠો પાયો છે સમર્પણ (Dedication). 'ભગવદ્ગીતા'ના બારમા અધ્યાય-ભક્તિયોગમાં, ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુનને મિષે આપણને સૌને કહે છે–

"मय्येव मन आधत्स्व, मयि बुद्धिम् निवेशय।
निवसिष्यसि मय्येव, अत ऊर्ध्वम् न संशयः॥"



અર્થાત્ હે અર્જુન, તારું હૃદય–મન મારામાં જ મૂકી દે, તારી બુદ્ધિને ય મારામાં મૂકી દે, અને જરૂર તું મારામાં જ નિવાસ કરીશ. જેનાથી તારી ઊર્ધ્વગતિ ચોક્કસ થશે જ, એ વિષે લેશ શંકા તું રાખીશ મા. અત્ર 'મારું–તારું' છોડીને. પરમાત્મામાં સમર્પિત થઇ જવાની વાત ભગવાને કરી છે. એટલે જ મહર્ષિ વ્યાસે ઈશચરણે સર્વસ્વનું સમર્પણ કરતાં કેવું સુંદર ગાયું છે. 'જે ધ્યાનાકર્ષક છેઃ–

कायेन वाचा मनसेन्द्रियैर्वा, बुद्ध्यात्मना वा प्रकृतिः स्वभावात्।
करोमि यद् यद् सकलं परस्मै, नारायणायेति समर्पयामि॥"

અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને કારણે શરીર, વાણી, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અથવા આત્માથી હું જે જે કાંઇ કરું છું, તે તે બધું જ નારાયણ(પરમાત્મા)ને ચરણે સમર્પિત કરું છું.

વિશ્વના મહાન સાધક અને યોગી શ્રી રામકૃષ્ણ પરમહંસે આ બાબતે વિશદ રીતે કહ્યું છે, "જ્યાંસુધી બાળક (જીવાત્મા) (સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠારૂપી) રમકડાં રમવામાં વ્યસ્ત છે, ત્યાંસુધી 'માતા' આ બાળકની લેશ પરવા કરતી નથી. બલ્કે કપડાં ધોવાં, પાણી ભરવું વગેરે ગૃહકાર્યોમાં વ્યસ્ત રહે છે. પરંતુ જે ક્ષણે રમકડાં રમી રમીને બાળક થાકે છે, કંટાળે છે અને 'માતા'ને "મા–મા" કરીને સાદ દે છે કે તુર્ત જ પેલી કૂવે–તળાવે પાણી ભરવા કે કપડાં ધોવા ગયેલી વત્સલ માતા, બાળકના સાદને દૂરથી યે સાંભળે છે, અને ઘરે દોડતી દોડતી આવી પહોંચે છે. તેમ જ બાળકને ખોળામાં લઇને, ભરપેટ વાત્સલ્યથી છલકાવી મૂકે છે, એમ જ સત્તા, સંપત્તિ, હોદ્દા, પ્રતિષ્ઠા, સાધન સુવિધાઓ વગેરે રૂપી રમકડાંની સાથે રમી રમીને મનુષ્ય જ્યારે થાકે છે અને સર્વભાવથી પરમાત્માને ચરણે સમર્પિત થઇ જાય છે, ત્યારે

જીવાત્માને, પરમાત્મા ચોક્કસ પ્રેમામૃતથી પોતાનામાં સંપૂર્ણ રીતે તરબોળ, એકરસ, ઓતપ્રોત અને સમરસ કરી દે છે! જ્યાં અદ્વૈત, અભેદ અને એકતાની જ અનુભૂતિ થાય છે.

આ અપૂર્વ, અદ્‌ભુત અને અલૌકિક અદ્વૈત સ્થિતિનું મધુર વર્ણન ઉપનિષદના મહાન ઋષિએ કર્યું છે:–

"यथा नद्यः स्यन्दमानाः समुद्रे, अस्तं गच्छन्ति नामरूपे विहाय।
तथा विद्वान् नामरूपाद् विमुक्तः, परात्परं पुरुषं उपैति दिव्यम्॥"

અર્થાત્ જેમ નદીઓ વહેતી વહેતી છેવટે નામરૂપ છોડીને, સમુદ્રમાં જ અસ્ત થઇ જાય છે, ભળી જાય છે, તેમ જ જ્ઞાની મનુષ્ય પણ નામરૂપની તમામ જંજાળ–મોહજાળમાંથી મુક્ત થઇને, પરાત્પર દિવ્ય પુરુષમાં ભળી જાય છે. અસ્તુ.

## ખાસ નોંધ

રાજકોટમાં સર્વેશ્વરી તીર્થમાં દર મહિનાની ૨૮ તારીખે થતો સત્સંગ હવે દર મહિનાની ૧૩ તારીખે થશે. તેની સર્વ સાધકોએ નોંધ લેવી.

આ ઉપરાંત દર મહિનાની ૧૨ તારીખે શ્રી મેના-બેન જાવિયાને ત્યાં, રોયલ પાર્ક, શેરી નં. ૭, યુનિવર્સિટી રોડ, ઇંદિરાજીના પૂતળા પાસે, રાજકોટ–૫ ખાતે, રાત્રે ૯ વાગે સત્સંગ થાય છે. જેમાં સર્વ સાધકો ભાગ લઇ શકે છે.

—તંત્રી



# અડિયાર નદીના યોગીનો મેળાપ

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

પરંતુ હું કોઇ સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાતો માનવપદાર્થ બની ગયો છું એવી વિચિત્ર લાગણીમાંથી મુક્તિ તો ન જ મેળવી શકાઇ.

બ્રાહ્મણે નિરુત્સાહ બનીને મને વિદાય થવાની સૂચના કરી. એકાદ મિનિટમાં જ એમના શાંત આગ્રહને વશ થઇને પરાજિત બનીને હું પાછો વળ્યો હોત, પરંતુ ત્યાં તો યોગીએ અચાનક હાથનો સંકેત કર્યો. એ અમને પાસેના ઊંચા તાડવૃક્ષ પાસે લઇ ગયા અને એમણે અમને પોતાની સામે બેસવાનો શાંત સંકેત કર્યો. પછી એ પોતે પણ જમીન પર બેસી ગયા.

એમણે બ્રાહ્મણની સાથે તામિલ ભાષામાં થોડીક વાત કરી. મેં જોયું કે એમનામાં ખાસ પ્રભાવ પાડવાની શક્તિ છે અને એમનો વ્યવહાર લગભગ સંગીતમય છે.

'યોગી તમારી સાથે વાત કરવાની તૈયારી બતાવે છે.' મારા સાથીદારે મને સમજાવ્યું, અને પછી પોતાના તરફથી કહી બતાવ્યું કે યોગીએ નદીના વણખેડાયેલા ભાગ પરથી કેટલાંય વરસો સુધી મુસાફરી કરી છે.

સૌથી પહેલાં તો મેં યોગીનું નામ પૂછ્યું. એના જવાબમાં મને નામોની એવી તો લાંબી હારમાળા કહેવામાં આવી કે એમને હું તરત જ નવે નામે ઓળખતો થયો. મને ખબર પડી કે એમનું

પહેલું નામ 'બ્રહ્મસુગાનંદા' હતું, બીજા ચાર એવાં જ લાંબા કે એથી પણ લાંબા નામ એમણે ધારણ કરેલાં, અને એમને બ્રહ્મને નામે ઓળખવાનું જ વધારે સારું હતું. એમનું દરેક નામ એટલા બધા અક્ષરોનું બનેલું હતું કે જો પાંચે નામને લખવા બેસું તો એમના શબ્દોથી કાગળનો કેટલોય ભાગ ભરાઈ જાય. એ યુવાન યોગીની નામાવલિ મારા પર પ્રભાવ પાડનારી અને મને મૂંઝવણમાં મૂકનારી સાબિત થઈ એટલે એ નામોની જાહેરાત જરૂરી નથી લાગતી. અપરિચિત વાચકોની સરળતા ખાતર એમનો ઉલ્લેખ બ્રહ્મને નામે જ કરતો રહીશ. વાતચીત દરમિયાન મેં એમને માટે એ ટૂંકું નામ જ નક્કી કરેલું.

'એમને જણાવો કે મને યોગમાં રસ છે અને હું એ વિષે કાંઈક જાણવા માગું છું.' મેં કહ્યું.

એ વાક્યનો અનુવાદ સાંભળીને યોગીએ માથું હલાવ્યું.

'હા. મને તેની ખબર છે.' એમણે સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો : 'સાહેબને ઇચ્છાનુસાર પ્રશ્નો પૂછવા દો.'

'તમે કઈ યોગપદ્ધતિનો અભ્યાસ કરો છો?'

'મારી પદ્ધતિ શરીરસંયમની છે. બધી જાતના યોગોમાં એ સૌથી કઠિન છે. શરીર તથા પ્રાણની સામે જક્કી ખચ્ચરની સાથે લડતા હોઈએ તેમ લડવું જોઈએ. તેમ જ તેમને જીતવાં જોઈએ. એ પછી જ્ઞાનતંતુઓ તથા મન પર સહેલાઈથી સંયમ સાધી શકાય છે.'

'એથી શો લાભ થઈ શકે?'

બ્રહ્મે નદી તરફ દૃષ્ટિ સ્થિર કરી.



'શરીરનું આરોગ્ય, મજબૂત ઇચ્છાશક્તિ, અને દીર્ઘ જીવન એ એના થોડાક લાભ છે.' એમણે કહેવા માંડયું : 'હું જેનો આધાર લઉં છું એ અભ્યાસમાં સિદ્ધહસ્ત બનનારા યોગીની માંસપેશીઓ લોખંડી બની જાય છે. કોઈ પણ પ્રકારની પીડાથી એ ચલિત નથી થતો. હું એક એવા પુરુષને જાણું છું જેમની ઉપર ડોક્ટર દ્વારા ઓપરેશન કરવાનું હતું. એમને બેભાન બનાવવા કોઈ દવા નહોતી આપવામાં આવી. તોપણ એમણે એ કોઈ પણ પ્રકારના બડબડાટ વગર સહન કર્યું. એવા પુરુષો કોઈ જાતનું બાહ્ય રક્ષણ ન હોય તોપણ, કોઈ પણ પ્રકારની તકલીફ સિવાય ભયંકર ઠંડી પણ સહી શકે છે.'

મેં નોટબુક કાઢી. કારણ કે મને લાગ્યું કે અમારો વાર્તાલાપ મારા ધાર્યા કરતાં વધારે રસમય બને તેવો હતો. મારી મિતાક્ષરી નોંધ જોઈને બ્રહ્મે ફરીવાર સ્મિત કર્યું, પરંતુ એનો વિરોધ ન કર્યો.

'તમારી યોગપદ્ધતિ વિશે વધારે કહો તો સારું.' મેં માગણી કરી.

'મારા ગુરુદેવે બરફથી ઢંકાયેલી હિમાલયની વિશાળ પર્વતમાળામાં ફક્ત તજના જેવા રંગનો ઝભ્ભો પહેરીને વાસ કરેલો. પાણી તરત જ થીજી જાય એવા ઠંડા સ્થાનમાં એ કલાકો સુધી બેસી શકે છે. છતાં તેમને કશી તકલીફ નથી પડતી. અમારા યોગમાં એવી શક્તિ છે.'

'ત્યારે તો તમે શિષ્ય છો!'

'હા. હજુ તો મારે ઘણી ટેકરીઓ પર ચડવાનું બાકી છે. અમારી યોગક્રિયાના રોજના અભ્યાસ પાછળ મેં સતત બાર વરસ પસાર કર્યાં છે.'

'એને પરિણામે તમે અસાધારણ શક્તિઓ મેળવી છે?'

બ્રહ્મે માથું હલાવ્યું, પણ ગાઢ મૌન રાખ્યું.

એ વિચિત્ર લાગતા યુવાન યોગીએ મને વધારે ને વધારે આકર્ષ્યો. 'તમે યોગી કેવી રીતે બન્યા તે પૂછી શકું છું?' મેં કાંઈક અનિશ્ચયાત્મક સ્વરે પૂછી જોયું.

પહેલાં તો એનો ઉત્તર ન મળ્યો. અમે ત્રણે તાડવૃક્ષની નીચે બેસી રહ્યા. નદીને સામે કિનારેથી નાળિયેરીનાં વૃક્ષોમાં ફરનારા કાગડાના કર્કશ શબ્દો સંભળાયા કરતા હતા. એમની સાથે વૃક્ષો પર કૂદતા વાંદરાના અવાજ ભળી જતા હતા. કિનારા પરના પાણીના મલિન છાંટા પણ ઊડયા કરતા હતા.

'ખુશીથી.' બ્રહ્મે એકાએક ઉત્તર આપ્યો. મને લાગ્યું કે મારા પ્રશ્નોની પાછળ સામાન્ય કુતૂહલ કરતાં કશુંક વધારે છે તેની તેમને ખાતરી થઈ છે. હાથને શાલની પાછળ રાખી, નદીના દૂરના તટ પરના કોઈ પદાર્થ તરફ દૃષ્ટિને સ્થિર કરીને, તે બોલ્યા :

'બાળક તરીકે મારો સ્વભાવ શાંત અને એકાકી હતો. બાળકોની સામાન્ય ટેવોમાં મને કોઈ જાતનો આનંદ આવતો નહિ. બીજાની સાથે રમવા કરતાં ખેતરો કે વાડીઓમાં ફરતા રહેવાનું વધારે ગમતું. મારા જેવા વિચારશીલ બાળકને બહુ ઓછા લોકો સમજી શકતા, અને એ વખતના જીવનમાં હું સુખી હતો એમ નહિ કહી શકું. બારેક વરસની ઉંમરે, એકાએક અવસર મળતાં, મને મોટા માણસોની વાતો સાંભળવા મળી અને એ વાતો પરથી જ યોગનું અસ્તિત્વ છે એ વાત હું સમજી શક્યો. એ ઘટનાએ મારામાં યોગ વિશે વધારે જાણવાની ઈચ્છા પેદા કરી. કેટલાક માણસોને મળીને એની માહિતી મેળવવાનો મેં પ્રયત્ન



કર્યો, અને તામિલ ભાષાનાં, યોગીઓ વિશેની રસપ્રદ સામગ્રી પૂરી પાડનારાં પુસ્તકો પણ મેળવ્યાં. રણપ્રદેશમાંથી પસાર થતા ઘોડેસવારને તરસ લાગે તેવી જ રીતે મારા મનમાં એમના સંબંધી વિશેષ માહિતી મેળવવાની તરસ લાગી. પરંતુ હું એવી અવસ્થા પર પહોંચ્યો કે જ્યારે વધારે જાણવાનું અશક્ય થઈ પડયું. એક દિવસ મારાં પુસ્તકોનું એક વાક્ય મેં ફરી વાંચ્યું : 'યોગમાર્ગમાં સફળતા મેળવવા માણસે ગુરુ કરવા જોઈએ.' એ શબ્દોની અસર મારા પર ઘણી ભારે થઈ. મને થયું કે ઘર છોડીને પ્રવાસ કરવાથી જ ગુરુની પ્રાપ્તિ થઈ શકશે. મારાં માતાપિતાએ એની રજા ન આપી. બીજું શું કરવું એની સમજ ન પડવાથી, મેં જેની થોડીક માહિતી મેળવેલી તે પ્રાણાયામની ક્રિયાઓ મેં છૂપી રીતે કરવા માંડી. એ અભ્યાસથી મને લાભ ન થયો, ઊલટું નુકસાન થયું તે નફામાં. નિષ્ણાત ગુરુના માર્ગદર્શન વિના એ ક્રિયાઓ ન કરવી જોઈએ તે હું ન સમજી શક્યો. પરંતુ મારી આતુરતા એવી હતી કે ગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી હું રાહ જોઈ શકું જ નહિ. પ્રાણાયામની એ પ્રારંભિક ક્રિયાઓની અસર થોડા જ વખતમાં દેખાવા માંડી. મારા માથાની ઉપરના ભાગમાં એક નાનીસરખી ચિરાડ દેખાઈ. ખોપરી એની નબળી જગ્યાએથી ફાટી ગઈ છે એવું જોઈ શકાયું. એમાંથી લોહીની ધારા વહેવા માંડી, અને મારું શરીર ઠંડુંગાર તથા જડ બની ગયું. મને લાગ્યું કે હવે મરી જવાશે. બે કલાક પછી મારી અંતરઆંખ આગળ એક અલૌકિક દૃશ્ય દેખાયું. મેં એક મહાન યોગીની આકૃતિ જોઈ. એ યોગીપુરુષે મને કહ્યું, 'પ્રાણાયામની ગુપ્ત સાધનાદ્વારા કેવી ભયંકર દશાએ પહોંચી જવાયું તે જોયુંને? આમાંથી તારે સખત બોધપાઠ લેવાનો છે.' એટલું કહીને યોગી

અદૃશ્ય થઇ ગયા. પરંતુ એ પ્રસંગ પછી મારી દશા સુધરવા માંડી અને છેવટે હું સંપૂર્ણ સાજો થઇ ગયો. જો કે માથામાં હજુ ચાઠું તો રહી જ ગયું છે.'

બ્રહ્મે નીચે નમીને પોતાનું માથું બતાવ્યું. એની ઉપરના ભાગમાં એક નાનું ગોળ ચાઠું જોઇ શકાયું.

'એ દુઃખદ અનુભવ પછી મેં પ્રાણાયામની ક્રિયાને મૂકી દીધી અને ઘરનાં બંધનો ઢીલાં થતાંસુધી થોડાં વરસો રાહ જોઇ.' એમણે કહેવા માંડયું : 'મને જ્યારે છૂટવાની તક મળી ત્યારે ઘરનો ત્યાગ કરીને હું ગુરુની શોધમાં નીકળી પડયો. મને થયું કે ગુરુની પસંદગી કરવા થોડોક વખત એમની સાથે રહેવું જોઇએ. મને કેટલાક ગુરુ મળ્યા પણ ખરા, અને મારો સમય થોડોક વખત એમની સાથે રહેવામાં અને નિરાશ થઇને ઘેર પાછા ફરવામાં પસાર થયો. તેમનામાંના કેટલાક તો મઠના મહંતો હતા. બીજા કેટલાક ધાર્મિક સંસ્થાઓના આચાર્યો હતો. પરંતુ એમનામાંથી કોઇ પણ મને સંતોષી ન શક્યા. એમણે તત્ત્વજ્ઞાનની ઘણી વાતો કહી બતાવી, પરંતુ એમના પોતાના અનુભવમાંથી મને કશું જ ન મળ્યું. એમનામાંના મોટા ભાગના માણસો તો કોઇ જાતનું વ્યવહારુ માર્ગદર્શન કરવાને બદલે પુસ્તકની વાતોનું જ પારાયણ કર્યા કરતા. મારે પુસ્તકના સિદ્ધાંતોની નહિ પણ યોગના પ્રત્યક્ષ અનુભવની આવશ્યકતા હતી. એવી રીતે મેં દસેક ગુરુની મુલાકાત લીધી છતાં એમનામાંથી એકે યોગનો સાચો ગુરુ ન જણાયો. તોપણ હું હતાશ તો ન જ થયો. મારી યૌવનસહજ જિજ્ઞાસાએ જોર પકડયું, કારણ કે મારા સ્વભાવ પ્રમાણે નિષ્ફળતા મારા સફળતા માટેના નિશ્ચયબળને વધારનારી સાબિત થાય છે.

(ક્રમશઃ)



# રામરટણ રસિયા મસ્તરામજી

**એક સેવક**

### રામનામ રણકાર

રામભજન અંતર લય લાગે, બિના ભણ્યે બ્રહ્મવિદ્યા આવે;
જીવ પલટ બ્રહ્મ હો જાવે, મસ્તરામ નિર્ભય પદ પાવે. ૧
રામભજન અંતર લય લાગે, તો અંતરયામી અંતરમેં પાવે;
બહાર ભટકત હાથ નહિ આવે, મસ્તરામ તો કહી સમજાવે. ૨
રામભજન ગુમ રસ ચાખે, સંકલ્પ–વિકલ્પ રોકી રાખે;
હોય નિર્બંધ, બંધ નહિ જાકે, મસ્તરામ કહે સાધન પાકકે. ૩
રામભજન વજ્જરની લાટ, અનુભવના તો ખૂલે કબાટ;
બ્રહ્મવિદ્યાનો કીનો પાટ, મસ્તરામ કહે ગયો ઉચાટ. ૪

રામભજનનો પ્રતાપ અલૌકિક છે–કલ્પનાતીત છે એવું એ નામનો અખંડ જાપ કરનાર અનુભવી સંતો કહે છે. ગોસ્વામી તુલસીદાસજીએ રામનામનો મહિમા 'રામચરિત માનસ'ના પ્રારંભમાં જ અદ્ભુત રીતે બિરદાવ્યો છે. અને એ ગ્રંથ એટલો બધો લોકપ્રિય બન્યો છે કે તેનું વાચન ઉત્તરહિંદના દરેક ઘરમાં દરરોજ ચાલુ જ હોય છે. અને દરેક પ્રેમાળ ભક્તનું હૃદય રામનામથી અંકિત થયેલું હોય છે. આ રામભજનનો પ્રતાપ આપણા સંત મહાત્મા મસ્તરામજીએ ઉપરની સાખિઓમાં ટૂંકાણમાં સમજાવ્યો છે. આપણા શાસ્ત્રપુરાણો કહે છે કે પ્રભુનું નામ જપતાં જપતાં ભક્ત પ્રભુરૂપ બની જાય છે. તેથી જ મસ્તરામજી એ અનુભવ વાણી કહે છે કે રામભજનથી 'જીવ પલટ

બ્રહ્મ હો જાવે' માટે આ લોક તેમ જ પરલોકના દરેક શ્રેય–સધકે રામભજન અવશ્ય કરવું જોઇએ જેથી ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે.

મસ્તરામજી મહારાજના એક વૃદ્ધ સેવક લીંબડીના શ્રી રવજીભાઇ પોતાની સ્મરણ નોંધમાં લખે છે કે, "જ્યારે જ્યારે કોઇ ભક્ત અગર જીજ્ઞાસુ મહારાજશ્રીને પૂછતા કે, 'મહારાજ! અમને ભજન કરવાનું બતાવો.' ત્યારે મસ્તરામજી કહેતા હતા કે 'રામ રામ રામ રામ કરો. રામનામ સૌથી બડું છે.' પણ જ્યારે તે વિષે વધુ ખુલાસો પૂછતા કે, 'આપે રામભજન કહ્યું તે બરાબર છે. પણ તે કેવી રીતે કરવું તે કૃપા કરીને જરા બતાવો તો સારું.' તે વેળા પોતે રાજીપામાં હોય તો આસન પર પલોંઠી વાળીને બેસતા અને પોતે બે ત્રણ મિનિટ રામ રામ રામ રામ બોલતાં બોલતાં તેમનું મુખ ઝડપથી બંધ થતું અને તુરત જ તેમના શરીરમાંથી રામનામના રણકારના તરેહ તરેહવાર સૂર નીકળવા લાગતા. આ સૂરને જ જાણકાર ભક્તો નાદ–બ્રહ્મ કહે છે. આ પ્રમાણે જ્યારે જ્યારે મસ્તરામજી રામભજન કરવા બેસતા ત્યારે બનતું હતું. પણ ઘણુંખરું આ ભજન પોતે જંગલમાં વૃક્ષ નીચે કે નદી તીરે એકાંતમાં બેસીને કરતાં. ગામમાં ઘણુંખરું આમ ભજન માટે પોતે બેસતા નહિ."

આ રામનામ રણકારના શ્રવણનો લાભ અન્ય ભક્તોને પણ મળ્યો હતો. તેમાંના જે બે ભક્તો પાસેથી આ હકીકત જાણવા મળી છે તે આ નીચે આપવામાં આવી છે.

બોટાદમાં તેમના અનન્ય ભક્ત શેઠ રૂસ્તમજી દીનશાજી ગાંધી તથા તેમનાં પત્ની માણેકબાઇ, મસ્તરામજી પ્રત્યે અત્યંત



માન–પ્રેમ અને ભક્તિ ધરાવતાં હતાં. એક દહાડો મહારાજ તેમને ત્યાં સાંજે પધાર્યા. નિયમ મુજબ સાદું ભોજન તેમને જમાડી આસન આપી બેસાડયા; અને ઉનાળો હોવાથી તેમને માટે સૂવા સારું બંગલાના ફળીયામાં ખાટલો પાથરી આપ્યો અને જોડે રૂસ્તમજી શેઠે પોતાના માટે બીજો ખાટલો ઢળાવ્યો. દસેક વાગ્યા સુધી ભગવદ્ ભજનની વાતો ચાલી અને પછી રૂસ્તમજી શેઠ સૂતા. એ વેળા મહારાજના મુખમાંથી રામનામનો સ્વર ગુંજતો હતો તે સાંભળતાં સાંભળતાં જ તેમને નિદ્રા આવી ગઇ. ત્રણેક કલાક પછી આશરે એક વાગે રૂસ્તમજી જાગી ગયા અને ઊઠીને લઘુશંકા કરી આવીને પાછા સૂતા. એ વેળા પણ મહારાજ પાસેથી રામનામનો ઘેરો સ્વર આવતો હતો. કોઇ દેવળના ઘુમટમાંથી જેમ પ્રતિઘોષ સાથે અવાજ પાછો ફરે છે તે રીતે આ રામનામનો રણકાર મહારાજના શરીરમાંથી આવતો હતો. તે સાંભળી રૂસ્તમજી અચંબો પામ્યા અને પાછા નિદ્રાધીન થયા. વળી ફરીથી ચારેક વાગે તે જાગ્યા ત્યારે પણ એ જ શબ્દ–રણકાર તેમણે સાંભળ્યો. હવે રૂસ્તમજી પૂછ્યા વિના શાંત રહી શક્યા નહિ. તેમણે મહારાજને સંબોધીને કહ્યું : "મહારાજ! મહારાજ! આપ જાગો છો?" મહારાજે ઉત્તર દીધો. "ક્યા હૈ? રૂસ્તમજી! ક્યા હૈ?" રૂસ્તમજીએ કહ્યું, "આપને અહીં ઊંઘ ન આવી? આખી રાત આપ જાગતા જ પડી રહ્યા લાગો છો!" મહારાજે પૂછ્યું, "ઐસા ક્યોં પૂછતે હો? મૈં સોયા થા, નીંદ ભી આઇ." ત્યારે રૂસ્તમજી શેઠે કહ્યું, "આપણે દસ વાગે સૂતા હતા તે વખતે આપના મુખમાં રામનામના સ્વર ગુંજતા હતા. તે પછી હું એક વાગે જાગી ગયો ત્યારે પણ એ જ રામનામનો રણકાર દેવળના ઘુમટમાંથી પ્રતિઘોષ સાથે આવે તે રીતે આવતો હતો. વળી

અત્યારે ચાર વાગે હું જાગ્યો ત્યારે પણ એ જ પ્રતિઘોષ સાથેનો રામનામનો સ્વર સાંભળું છું અને અર્ધો કલાક થયાં જાગું છું છતાં હજુ એ જ શબ્દ સાંભળું છું; તેથી મને થયું કે આપને આજે અહીં ઊંઘ આવી લાગતી નથી. માટે હું આપને પૂછું છું."

મસ્તરામજીએ હસીને ઉત્તર આપ્યો, "રૂસ્તમજી! મૈં તો સોતા હી હૂં. નીંદ ભી આઈ. મગર દેખ; એ હડ્ડી કે પ્રત્યેક અણુ રામનામસેં ગૂંજતા હૈ. યે સબ સારા દિનરાત યે નામજપ કી મસ્તીસે અલગ હી નહિ હોતા હૈ. યે શરીર ચલે–બેઠે–સોવે ઔર કોઈ ભી ક્રિયા કરે મગર રામનામકા રણકાર નિરંતર ચલતા હી હૈ. શરીરકા હી વો ધર્મ બન ગયા હૈ. તું સો જા." આ શબ્દો સાંભળી રૂસ્તમજી શેઠ દિગ્મૂઢ બન્યા અને મસ્તરામજી મહારાજના હૃદયરૂપી દેવળના ઘુમટમાંથી પડઘાની માફક ઊઠતા આ રામનામના રણકારના સ્વર સાંભળતાં જ પાછલી રાત્રિ આનંદ–સમાધિમાં પૂરી કરી.

મહારાજના અનન્ય ભક્ત શ્રી લક્ષ્મીશંકર, મસ્તરામજીના સત્સંગના પ્રસંગોની નોંધમાં આ 'રામનામ રણકાર' વિષે જે હકીકત લખે છે તે જિજ્ઞાસુઓએ વાંચવા સરખી છે. હવે આખો પ્રસંગ તેમના જ શબ્દોમાં નીચે ઊતાર્યો છે.

"એકવાર સ્વામીજી બોટાદ મારે ઘેર પધાર્યા, એ જ હમીર સુતારની મેડી ઉપર અમે દંપતી બે જ જણ હતાં. બપોરનો વખત હતો. સમાધિ બાબત પ્રસંગ નીકળ્યો ત્યારે મેં કહ્યું કે, 'વડોદરાવાળા શ્રીમન્નૃસિંહાચાર્યજી તથા બીલખાવાળા શ્રીમન્નથુરામશર્માજી બંને જણ સમાધિ ચડાવે છે એવું મેં સાંભળ્યું છે.' ત્યારે સ્વામીજીએ મને કહ્યું, 'હું તને રાજયોગનો એક પ્રકાર હમણાં બતાવું છું. તું બરાબર સાવધ રહી તે જોજે.' મેં બહુ આનંદિત બની હા પાડી. શ્રીકૃષ્ણે જેમ અર્જુનને ભગવદ્ગીતામાં



કહ્યું છે કે જે વિશ્વરૂપ મેં તને દેખાડયું તે મેં બીજા કોઈને બતાવ્યું નથી. પણ તું મારો મિત્ર તથા ભક્ત છે, તેથી અધિકારી સમજીને એ બતાવ્યું છે. તેમ મહાત્માશ્રીએ મને અધિકારી સમજીને તેમનો રાજયોગ બતાવ્યો, તે હું મારું સદ્ભાગ્ય સમજું છું."

મહારાજશ્રીએ મને કહ્યું, "તારો હાથ મારા નાક આગળ ધરી રાખ. બરાબર સાવધ થઈને બેસજે. જરાપણ ગભરાઈશ નહિ." મેં કહ્યું, "ભલે, મહારાજ." મહાત્માજી પોતે રામસ્નેહી સાધુ હતા તેથી તેઓએ પાંચ વાર–રામ રામ રામ રામ રામ એમ પ્રથમ બોલી નાભિમાંથી પ્રાણવાયુ ખેંચ્યો. હૃદય, કંઠ અને નાકદ્વારા બ્રહ્મરંધ્રમાં રોક્યો. એ જ વખતે તેમાંથી એવો ગંભીર નાદ ઊઠયો કે જાણે સેંકડો શરણાઈઓ, ભેરી, મૃદંગ, વાંસળીઓ, ઈત્યાદિ વાજીંત્રોના મીઠા સૂર ત્યાં ઉત્પન્ન થતા લાગ્યા. શ્રીકૃષ્ણે વ્રજમાં જે સુરમ્ય વેણુનાદ કર્યા હતા તે નાદ મને તે વેળા સાંભરી આવ્યા. આ શ્રવણ કરતાં જ હું રોમાંચિત બન્યો. અને મારી આંખમાં હર્ષાશ્રુ સમાતાં નહોતાં. મારો હાથ હજુ સ્વામીજીની નાસિકા પાસે જ હતો. અમારા પાડોશમાં રહેતાં ભક્ત વૃદ્ધ નંદુબહેન તથા અન્ય પડોશીઓ આ અપૂર્વ સંગીત વાગતું સાંભળી આશ્ચર્યચકિત બની ત્યાં દોડી આવ્યાં. એ સર્વને એમ લાગ્યું કે આ બપોરના સમયે સ્વામીજીની આરતી ઉતારવા કોણ આવ્યું હશે? આ અદ્ભુત નાદના સ્વર આશરે પંદર મિનિટ સુધી થતા રહ્યા. બરાબર પા કલાકે સ્વામીજીએ પ્રાણને ઉતારી કંઠમાં આણ્યો અને વળી ફરીથી પાંચવાર રામ રામ રામ રામ રામનું સ્મરણ કરીને પ્રાણને નાભિમાં સ્થાપી આંખો ઊઘાડી. મારો હાથ હજુ તેમની નાસિકા પાસે જ હતો. તેમણે નેત્ર ઊઘાડી મને પૂછ્યું : 'બોલ તેં શું જોયું?' મારી આંખોમાં હર્ષાશ્રુ હતાં તથા આંસુથી કંઠ રુંધાયેલો હતો. તેથી હું કશો ઉત્તર તત્કાળ આપી

શક્યો નહિ. તેથી તેમણે જ કહ્યું, 'જો, આ રાજયોગ કહેવાય. હઠયોગનો તો બીજો પ્રકાર છે. વળી કોઇ અન્ય પ્રસંગે તને બતાવીશ.' પણ દુર્દૈવથી આવો પ્રસંગ મને પુનઃ પ્રાપ્ત થયો જ નહિ. પ્રારબ્ધમાં હોય તેટલું જ પમાય છે અને ભાગ્યમાં સમાય તેટલું જ માણસને મળે છે. પણ હું તો તે દિવસે કૃતાર્થ બની ગયો. આજે ૫૧ વર્ષ પછી પણ એ જ ઘડીનું સ્મરણ થતાં જીવનમાં નવી જ્યોતિ મળતી લાગે છે અને રામનામ સ્મરણ પ્રત્યે ખૂબ આકર્ષાઉં છું."

## પ્રભુપ્રાપ્તિનો ઉપાય

ગુહ્ય જ્ઞાનમાં મુખ્ય ચાર વસ્તુ એ છે કે માણસે પ્રભુ-પરાયણ થઇ જવું. પ્રભુનું નામસ્મરણ, ગુણગાન ને ચિંતનમાં તેણે મશગુલ બનવું ને પ્રભુનું ધ્યાન ધરવું. જો આટલું થાય તો માણસ સુખી બની શકે. પ્રભુનું શરણ લેવાથી તેને પ્રભુકૃપા મળે ને પ્રભુની કૃપાનો અનુભવ કરીને તેનું જીવન ધન્ય બને. જે માણસોને આ વાતમાં શ્રદ્ધા નથી, તે પ્રભુની પ્રાપ્તિ કરી શકતા નથી. સંસારનાં દુઃખોમાંથી તે છુટકારો મેળવી શકતા નથી.

પ્રભુના મંદિરનાં બારણાં સહુને માટે ઊઘાડાં છે જે ધારે તે તેમાં પ્રવેશ કરી શકે છે, ને પ્રભુની કૃપાનો લાભ લઇ શકે છે. પ્રભુની કૃપા મેળવીને તેનું જીવન ધન્ય બની જાય છે. નાતજાતના ભેદવિના કોઇએ માણસને માટે આ વાત સાચી છે. પ્રભુની કૃપાના એકાદ કિરણની પણ જેને પ્રાપ્તિ થાય છે તેનું મન તે પછી સંસારના રસમાં લાગતું નથી.

યોગેશ્વરજી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## મેઘનાદ ને કુંભકર્ણનો નાશ

અંગદે રામ, લક્ષ્મણ અને સુગ્રીવની પાસે પહોંચીને રાવણના મિથ્યાભિમાનની કથા કહી બતાવી તેના પરથી તેમને ખાતરી થઇ કે સીતાની મુક્તિને માટે યુદ્ધ સિવાય બીજો કોઇયે રસ્તો નથી રહેતો.

હનુમાને બધી વાત સાંભળીને કહ્યું : 'રાવણના સંહારનો સમય પાસે આવ્યો છે એટલે જ એનું વર્તન આવું છે. હવે એના પર દયા કરવી અથવા રાહ જોવી નકામી છે. જે પણ સમય જાય છે તે સીતાને માટે ભારે યંત્રણા દેનારો સાબિત થાય છે એનું આપણે ધ્યાન રાખવું જોઇએ. સીતાની ચિંતા તથા વેદનાનો વિચાર કરીને મારું અંતર આક્રંદ કરી ઊઠે છે.'

'મારી સલાહ પણ એવી જ છે.' વિભીષણ બોલ્યો : 'રાવણનો સ્વભાવ જ એવો છે કે, એ યુદ્ધ વિના માનવાનો જ નથી. આપણે આપણી અસીમ શક્તિથી એને જરૂર પરાસ્ત કરીશું.'

લક્ષ્મણે કહ્યું : 'એ યુદ્ધ વિના નથી માને તેવો તો આપણે પણ યુદ્ધથી ડરીએ તેવા ક્યાં છીએ? એને લડવાની લાલસા હશે તો એ લાલસા આપણે હસતાં હસતાં પૂરી કરીશું અને એને રણમેદાનમાં સુવાડી દઇશું.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ તથા સુગ્રીવે સ્મિત કર્યું.

એમણે વાનરસેનાને વ્યવસ્થિત રીતે વહેંચી દીધી અને લંકા પર ચઢાઇ કરવાનો આદેશ આપ્યો.

હરખઘેલા, હિંમતવાળા, બળવાન વાનરો લંકાના દુર્ગના ચારે દ્વારો તરફ ધસી ગયા અને દુર્ગ પર ચઢીને તથા અંદર પ્રવેશીને રાક્ષસસેનાનો વૃક્ષો, પત્થરો ને પોતાના લોખંડી શરીરની મદદથી સંહાર કરવા લાગ્યા.

એમના પરાક્રમથી રાક્ષસસેનામાં હાહાકાર મચી ગયો.

રાવણને એ વાતની માહિતી મળી ત્યારે એણે મેઘનાદની સલાહ લીધી.

મેઘનાદે મદભરી ભાષામાં કહ્યું : 'વાનરોનું બળ આપણા બળ આગળ કુંજર પાસે કીડી બરાબર પણ નથી લાગતું. વાનરો સંખ્યામાં ગમે તેટલા વધારે હોય તોપણ આપણા આહાર બરાબર છે. એ આપણી ક્ષુધાના શમન માટે જ મોકલાયા હોય એવું લાગ્યા કરે છે, એ પ્રારંભમાં થોડું ઘણું પરાક્રમ ભલે કરી લે, પરંતુ એમની સાચી કસોટી તો રણમાં મારો સામનો કરવાનો સમય આવશે ત્યારે થશે. રામ, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન તેમ જ વિભીષણનો પરાજય કરવાની મારામાં પૂરતી તાકાત છે. હું યુદ્ધના મેદાનમાં જઉં પછી શું થાય છે તે જોઇ લેજો.'

રાવણે મેઘનાદની પીઠ થાબડીને કહ્યું : 'તારી શક્તિમાં મને પૂરો વિશ્વાસ છે. તારી એ અસાધારણ શક્તિ આગળ ઇન્દ્ર પણ લાચાર બની ગયેલો તો પછી આ સામાન્ય વાનરોની શી વિસાદ છે? એમને જીતવા માટે તું એકલો જ પૂરતો છે. તે છતાં પણ તારી સાથે કુંભકર્ણ છે. તમે બંને ભેગા મળીને સમસ્ત સંસારને જીતી શકો તેમ છો.' (ક્રમશઃ)

## * યોગદર્શન એટલે બુદ્ધિપૂર્વક સાધનાને સમજવાની કોશિષ *

બીજાં દર્શનોની જેમ યોગદર્શન પણ બુદ્ધિને ગીરવે મૂકીને આગળ વધવાની વાત નથી કરતું. બુદ્ધિ કે તર્ક અથવા વિચારશક્તિનું અપમાન કરવામાં તે નથી માનતું. સ્વતંત્ર બુદ્ધિ કે વિચારશક્તિમાં તે માને છે ને તેના તરફ આદરભાવ રાખે છે. બુદ્ધિ તેની ઇષ્ટદેવી નથી. પરંતુ પોતાના ઇષ્ટ કે આદર્શને સમજવા ને સમજાવવા માટે તેની મદદ લીધા વિના ચાલવાનું નથી એ વાતમાં તે માને છે. ને તેથી જ યોગના સિદ્ધાંતોને બુદ્ધિપૂર્વક સમજાવવાનો તેણે પ્રયાસ કર્યો છે. તે પ્રયાસ તદ્દન સફળ થયો છે. એમ કોઇયે પ્રકારના સંકોચ વિના જરૂર કહી શકાય. આપણે પણ તેને બુદ્ધિપૂર્વક સમજવાની જ કોશિષ કરીશું. કેટલાક ધર્મ, સંપ્રદાય ને સાધનપંથોએ બુદ્ધિને માટે પોતાનાં બારણાં તદ્દન બંધ કરી દીધાં છે. તે કેવળ શ્રદ્ધા પર જ ભાર મૂકે છે ને 'શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો'ની બૂમો પાડયા કરે છે. વખત જતાં તેમનું સ્વરૂપ રૂઢ ને રહસ્યમય બની ગયું છે ને તેમની અંદર કેટલીક મલિનતા પણ પેસી ગઇ છે. બુદ્ધિવાદી માણસ તેની સામે શંકા કરે છે ને તેના સ્પષ્ટિકરણ માટે પ્રશ્નો પૂછે છે તો સામેના લોકો તેને નાસ્તિક કહીને તેના પર તૂટી પડે છે. પણ એથી કાંઇ સત્યની સેવા નથી થતી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * બુદ્ધિ વિચાર ને અનુભવથી સંતોષાય છે. *

આપણે સમજી લેવું જોઈએ કે દરેક વસ્તુને માટે માણસને જિજ્ઞાસા કરવાનો ને પૂછવાનો હક છે, ને તેનો પ્રત્યુત્તર આપવાની આપણી ફરજ છે. બુદ્ધિ વિલાસી ને અહંકારપોષક ના હોય ને કેવળ વિતંડાવાદ માટે ના વપરાતી હોય તો તેવી સત્યની શોધને સત્યના સ્વીકાર સારું સદા તૈયાર રહેનારી બુદ્ધિનું તો આપણે ઉમળકાભેર સ્વાગત જ કરીશું ને તેને સંતોષવા માટે તેની મર્યાદાને ધ્યાનમાં રાખીને થઈ શકે તેટલો બધો પ્રયાસ પણ કરીશું. બુદ્ધિ પહેલાં તો બુદ્ધિ જ હોય છે. પરંતુ ક્રમે ક્રમે વિચાર ને અનુભવથી સંતોષાય છે ને સાચી બને છે. તે દૃઢતા, નક્કરતા કે અડગતા ધારણ કરે છે ને શ્રદ્ધામાં પલટાઇ જાય છે. એટલે બુદ્ધિ ઉત્તમ હેતુથી પ્રેરાયેલી હોય તો સદાય સ્વાગત કરવા જેવી છે. અગ્નિની કસોટીએ ચઢીને શુદ્ધ થાય ને સાચું ઠરે તે જ સોનું, તેમ તર્કની કસોટીમાંથી પાર ઊતરે તે જ ધર્મ. સંપ્રદાય કે સાધના વહેતી નદી જેવાં નહિ રહે તો ગંધાતા ખાબોચિયાં જેવાં થઇ જવાનાં. ને ઝાઝું જીવવા-નાં કે સમાજનું મંગલ પણ નહિ કરવાનાં.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.